Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯

અંક ૪ થો. નવેમ્બર કાર્તિક

પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧. જિન સ્તવન . . . ૮૧
૨. નૂતન વર્ષાભિનંદન . . ૮૨
૩. મંગલ સુપ્રભાત . . ૮૩
૪. કર્મમીમાંસા . . . ૮૫
૫. પરમાર્થસૂચક વસ્તુવિચાર સંગ્રહ ૮૮
૬. જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા ૯૧
૭. આજ્ઞા ઉલ્લંઘન . . ૯૪
૮. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય-સૂરિવરને . . . ૯૭
૯. સિદ્ધસ્તોત્ર . . . ૯૮
૧૦. પ્રાતઃસ્મરણીય ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વર સ્તુતિ ૧૦૧
૧૧. શ્રી જૈનાગમ નિયમાવલી . ૧૦૨
૧૨. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય? ૧૦૩
૧૩. વર્તમાન સમાચાર . . ૧૦૪


## નવા થયેલા માનવંતા સભાસદો.

૧. શાહ વિનયચંદ મૂળચંદ ભાવનગર (વાર્ષિકમાંથી) લાઇફ મેમ્બર.

૨. ભાવસાર નાનચંદ ભગવાનદાસ ,, ,, ,,

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ રૂ. ૩-૮-૦
(૨) ,, દ્વિતીય ભાગ રૂ. ૩-૮-૦
(૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો રૂ. ૪-૦-૦
(૪) ,, ભા. ૨ જો રૂ. ૬-૦-૦
(૫) ,, ભા. ૩ જો રૂ. ૫-૮-૦
(૬) ,, ભા. ૪ થો રૂ. ૬-૪-૦
(૭) બૃહત્કલ્પસૂત્ર ભા. ૫ મો રૂ. ૫-૦-૦
(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ રૂ. ૨-૦-૦
(૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ભા. ૨ જો રૂ. ૪-૦-૦
(૧૦) ત્રિષષ્ટિશ્લાકા પુરુષચરિત્ર પર્વ ૧ લું, પ્રતાકારે તથા બુકાકારે રૂ. ૧-૮-૦

## શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભક્તોને ખાસ વિનતિ.

સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજનું સ્મરણ નિરંતર સચવાઈ રહે તે માટે તા. ૩૦-૭-૪૨ ના રોજ મળેલી આ સભાની જનરલ મીટિંગે તે મહાપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરતાં સભાસદોએ નીચે પ્રમાણેની રકમ ફંડમાં ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

૮૫૪) ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે થયેલ ફંડ
૪૦) શેઠ ફતેહચંદ ઝવેરભાઇ
૨૫) સલોત જગજીવનદાસ ફૂલચંદ
૧૫) શાહ દીપચંદ જીવણભાઈ
૧૫) શેઠ ભોગીલાલ મહાસુખભાઇ—અમદાવાદ
૧૦) શેઠ ફકીરચંદ કેવળભાઇ ,,
૫) શેઠ કેશવલાલ દલસુખભાઇ ,,
૯૬૪) (ફંડ ચાલુ છે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

| | | |
|---|---|---|
| પુસ્તક ૪૦ મું : | આત્મ સં. ૪૭ | વિક્રમ સં. ૧૯૯૯ : કાર્તિક : |
| અંક : ૪ થો : | વીર સં. ૨૪૬૯ | ઈ. સ. ૧૯૪૨ : નવેમ્બર : |

## જિન સ્તવન.

( તર્જ-ફાવે તે રાગમાં )

પ્રભુનું ધ્યાન ત્યાં હોજો, શિરે ફરમાન ત્યાં હોજો;
તમારી શિવભૂમિ જ્યાં, અમારો વાસ ત્યાં હોજો. પ્રભુનું૦

નથી રાગી નિરાગી છે, નથી દ્વેષી ખૂબી જિનની;
રહીશું ત્યાં સેવીશું ત્યાં, જીવન ઉપહાર ત્યાં હોજો. પ્રભુનું૦ ૧

ફળ્યા શ્રી વીરનાં ચરણો, થતી જ્યાં ધ્યાનની હેલી;
જનમ એ ધામમાં મારો, દયાના નાથ ત્યાં હોજો. પ્રભુનું૦ ૨

અનંતુ સુખ જ્યાં ભરીયું, ખૂબી એ પુણ્યભૂમિની;
મોહન! એ ધામ દીખા દો, સુયશ સુખકાર ત્યાં હોજો. પ્રભુનું૦ ૩

—સુયશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदन.

## प्रभुप्रार्थना.

દોહરો (ગતવર્ષ)—અઠ્ઠાણું ગઈ આથમી વર્તાવી મહાત્રાસ;
નવ્વાણું આરંભમાં, સ્તવીએ શ્રી અવિનાશ. ૧

હરિગીત છંદ.

ચોતરફ લાગી લાય, દાવાનળ પ્રગટીયો દેશમાં,
ભણકાર જે ભયના હતા, તે ઊમટીયા આવેશમાં;
વસુધા બધી વિલપી રહી, થરથરતી કંપી ઊઠી અરે !
"અઠ્ઠાણુંનો ઇતિહાસ લખતાં, આંખથી આંસુ ઝરે." ૧
જ્યાં જોઈએ ત્યાં વિકૃતિનું, વિષમ વાતાવરણ છે,
લાખો-કરોડો માનવીનાં, દુઃખદ અરર મરણ છે;
કંપી રહે છે કાળજાં, મહાકાળ કોપ્યો છે ખરે,
"અઠ્ઠાણુંનો ઇતિહાસ લખતાં આંખથી આંસુ ઝરે" ૨
રે ! રે !! રૂપાળી ભર્તભૂમિ, જગતમાન્ય યશેશ્વરી,
આ શી દશા થઈ તાહરી, હા ! "જીવતી, દેખું મરી;"
મહા મોંઘવારી વ્યાપી છે, જન ઉદર શી રીતે ભરે ?
"અઠ્ઠાણુંનો ઇતિહાસ લખતાં આંખથી આંસુ ઝરે." ૩

નૂતન વર્ષ.

બસ ! કલમ અટકી જા હવે, એ દુઃખદ લેખ લખીશ માં,
ઝટ જા ! પ્રભુના શરણમાં, તો સુખ લઇશ ભવિષ્યમાં;
જય જય પ્રભુ જગદીશ્વરા, "કરુણાબ્ધિ" તારું **બિદ** છે,
વિશ્વેશ ! એ **પદ** કયાં ગયું ? આજે મહાદુઃખ દર્દ છે. ૪
ચોખૂટ પૃથ્વીમાં ફરકતી, હિંદકેરી જયધ્વજા,
ત્યાં આજ દુઃખની વૃષ્ટિ ! એ અમ પાપની નિશ્ચય સજા;
પણ હદ થઈ છે ઓ પ્રભુ ! સંતાનની સંભાળ લે,
તારી કૃપાદૃષ્ટિ થતાં, અટકી જશે સૌ દુઃખદ લે. ૫
**પત** રાખજે તારી પ્રભુ, અપરાધ સર્વ કરી ક્ષમા,
તુજ હૃદયમાં આ પ્રાર્થના, કરુણાનિધિ કરજે જમા;
આ પત્ર આત્માનંદ પૂર્ણ, પ્રકાશ આશ ધરી કહે,
**નવ્વાણું**માં પૃથ્વીપરે, સુખ સંપનાં વહનો વહે. ૬

દોહરો—શાંતિ આપો શ્રી પ્રભુ, સ્થળ સ્થળ હો સુખવાસ,
કર જોડીને વિનવે, "શ્રી આત્માનંદ પ્રકાશ." ૧

**કવિ રેવાશંકર વાલજી બધેકા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલ સુપ્રભાત.

લેખકઃ મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

**नूतने संवत्सरेऽस्मिन् वितरतु कुशलं मानवानामनूनं,**
**संपत्तिं शस्ततरां शुभफलसहितां भक्तिभाजां विशालाम् ।**
**विघ्नक्षोभं प्रकामं प्रशमयतु सदानन्दवृष्टिं विधत्तां,**
**त्रैलोक्यत्राणहेतुर्भवभयहरणस्त्रैशलेयः सुदेवः ॥ १ ॥**

આજે પ્રભાત નૂતન વર્ષનું !
આશાવાદીઓની નૂતન આશા સમું;
ઉષાની અદ્ભુત ઓઢણીના રંગ સમું,
જ્ઞાનીઓના જ્ઞાનની ઉજ્જવલતા ભર્યું.
ધ્યાનીઓના ધ્યાનની મસ્તી સમું,
આનંદદાયક અને અદ્ભુત !
આજે પ્રભાત નૂતન વર્ષનું,
આજે પ્રગટયું કેવળજ્ઞાન.
લોકાલોક ભાવ હસ્તામલકવત્ ગણનાર,
પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર;
ગૌતમસ્વામીના અંતરે,
કલ્પના, ભોજન, દેહ, વસ્ત્રે-
નવદર્શન થાય છે આજે,
નૂતન વર્ષના મંગલ સુપ્રભાતે;
સૂર્યની કિરણાવલીમાં,
મૃદુ મૃદુ પુષ્પ પાંખડીઓમાં.
વૃક્ષની ડોલતી ડાળીઓમાં,
વસી છે અનુપમ નવિનતા;
પ્રગટે છે નવિનતા આજે-
ગૃહે ગૃહે, હાટે હાટે
અને માનવોના હૈયે હૈયે-
સુમંજુલ શબ્દાવલિ યુક્ત,
સુણાય છે એ સુમધુર, મનોહર
અને દિવ્ય સંગીત સ્થાને સ્થાને.
પ્રાપ્ત હો, ગૌતમસ્વામીની લબ્ધિ-
અઢળક સંપત્તિ, દેશમાં, જનપદે,
પ્રતિ રાજમહાલયે.....................!

**“ राजाधिपानां शान्तिर्भवतु । ”**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખકર નિવડો નૂતન વર્ષ,
પશુ, પક્ષી અને માનવગણુને;
સહાયક હો સદા દેવગણો,
સ્વદેશરક્ષાની પુનિત ભાવનામાં.
ભારતીની વાત્સલ્યતા,
મિષ્ટ ફળ અને મધુર ધાન્યમાં
પ્રાપ્ત હો પ્રત્યેક હિંદવાસીને.
જ્ઞાતિભેદ વર્ણભેદ ભુલાવી
સમભાવ રંગે રંગો નૂતન મંગલ સુપ્રભાત,
પ્રત્યેક ભવિજનના હૃદયને.

**" अखण्ड चन्द्रोज्ज्वल कीर्त्तिवल्ली प्रसारतामेतु नविन हायने ।**
**भव्यात्मनां भावनया विशुद्धया, दिने दिने चन्द्रकलेव चासः ॥ १ ॥**

શરદની ચન્દ્ર પ્રભા પ્રમોદમય
શીતલતા આપો પ્રત્યેકના ઉરને.
બુદ્ધિભર્યા દૃઢતાના અજિત ભાવો,
હેમસમી નિર્મળતા લાવો,
રંગભર્યું મંગલ નૂતન સુપ્રભાત,
ભારતવાસીઓના હૃદયે હૃદયે.

शिखरिणी.

**प्रियं सत्योपेतं, वचनमनघार्थं शरदियं,**
**नवीनाशिष्टानां, प्रवितरतु बोधं बहुगुणाम् ।**
**तपः सिद्धिं दत्तां, शिवसुखकरीञ्चाक्षदमनं,**
**विधत्तां दुष्कर्मक्षपयतु पुरा सञ्चितमपि ॥ १ ॥**

**वर्षे वर्षे नूतने सिद्धियोगः, सिद्धौ सिद्धौ शान्तवृत्तिप्रभावः ।**
**शान्तौ शान्तौ दिव्यदृष्टिप्रसारः, दृष्टौ दृष्टौ तात्त्विकोऽतीवलाभः ॥२॥**

**कलयतु कमलं यथा विकासं, दिनकरकान्तिमयाप्यवत्सरेऽस्मिन् ।**
**जनगण उचित क्रियः प्रकामं, विपुलविभूतिमनिन्द्यनूतनाऽब्दे ॥३॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મમીમાંસા

લેખકઃ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જૈન શાસનમાં કર્મવાદ બહુ વિસ્તારથી વર્ણવ્યો છે; કારણ કે સંસારમાં જેટલી વિચિત્રતા જણાય છે તે સઘળી કર્મની કરેલી છે. કર્મ જેવી કોઈ વસ્તુ ન હોત તો સંસારની અસ્તિતાનો સર્વથા અભાવ જ હોત. આ કર્મ પુદ્ગલ પરમાણુઓના અનંતાનંત સ્કંધોને સકર્મક જીવની પ્રેરણાથી અથવા સહાયતાથી નિરંતર કર્મપણે બનાવ્યા જ કરે છે. જીવ સકર્મક ક્યારથી થયો છે, તેને સર્વજ્ઞો જાણે છે પણ કહી શકતા નથી; કારણ કે જીવ–કર્મ સંયોગની આદિ નથી પણ સંયોગોનો અંત હોવાથી જીવથી કર્મ સર્વથા ક્યારે છૂટા થશે તે કહી શકે છે.

જીવ પુદ્ગલ સ્કંધોને કર્મપણે પરિણમાવે છે. ત્યારે તે કર્મપરિણત પુદ્ગલ સ્કંધોમાં જીવને અનેક પ્રકારની અનુકૂળતા–પ્રતિકૂળતા, સુખ–દુઃખ આદિ ફળ પ્રાપ્ત કરાવવારૂપ સ્વભાવ, કેટલા કાળ સુધી જીવની સાથે કર્મના સંબંધથી જોડાઇ રહેવું તે સ્થિતિ, તીવ્ર કે મંદ ફળ આપવારૂપ રસ અને કર્મરૂપે પરિણમેલા પુદ્ગલોની સંખ્યા, વજન. આ પ્રમાણે કર્મપણે પરિણમતી વખતે અને આત્માની સાથે એકમેક થવારૂપ બંધ પડતી વખતે પુદ્ગલ સ્કંધો ચાર અવસ્થાઓ ધારણ કરવાવાળા થાય છે. તેમજ આત્માની સાથે બંધાતી–જોડાણ થતી વખતે અધ્યવસાયની તારતમ્યતાના અંગે ત્રણ પ્રકારે બંધાય છેઃ

એક બંધ એવો નબળો હોય છે કે જો પશ્ચાત્તાપ કરવામાં આવે તો તરત છૂટી જાય છે. બીજો બંધ એવા પ્રકારનો હોય છે કે પ્રાયશ્ચિતથી છૂટી જાય છે અને ત્રીજો બંધ એવા પ્રકારનો હોય છે કે ભોગવ્યા વગર છૂટતો નથી.

પુદ્ગલ સ્કંધો આત્મપ્રદેશો સાંથે મળી કર્મપણે પરિણત થયા પછી, ઉદયમાં આવ્યા વગર છૂટા પડી કર્મસંજ્ઞાને છોડી શકતા નથી. ઉપર બતાવેલા ત્રણ પ્રકારમાંથી ગમે તેવા પ્રકારના કર્મ કેમ ન હોય? અને તેને કર્મ સંજ્ઞાથી મુકત કરવાને ગમે તેટલા પ્રયત્નો કેમ ન કરવામાં આવે પણ ઉદયમાં આવ્યા વગર તો આત્માથી અલગ થઈ શકતા નથી. હા, એટલું તો બની શકે છે કે કેટલાંક કર્મ નબળાં હોય છે તે પશ્ચાત્તાપથી કે પ્રાયશ્ચિત્ત કરવાથી ભોગવવા પડતાં નથી.

આ સ્થળે અવશ્ય શંકા થશે કે ઉદયમાં આવે અને ભોગવવા ન પડે એ કેમ બને? પણ આમાં શંકા કરવા જેવું કાંઈ જ નથી, કારણ કે ઉદય બે પ્રકારનો છેઃ એક વિપાક ઉદય અને બીજો પ્રદેશ ઉદય. આ બન્ને પ્રકારના ઉદયમાંથી વિપાક ઉદય તે ભોગવવું–અનુભવ થવો, સુખદુઃખ આદિનું વેદવું. જેને આત્મા સારી રીતે જાણી શકે અને પ્રદેશ ઉદય તે જેનો આત્માને લેશ માત્ર પણ અનુભવ ન થવો, તે પછી શુભ હોય કે અશુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, પણ પ્રદેશ ઉદય વખતે આત્માને જરા ય સુખદુઃખ થતું નથી. આ બન્ને પ્રકારના ઉદય નિરંતર ચાલુ જ રહે છે અને તે એક સાથે જ થયા કરે છે; તેમાંથી વિપાક ઉદયનો આત્મા અનુભવ કરે છે અને તેજ સમયે થતા પ્રદેશ ઉદયને આત્મા જાણી શકતો નથી. કારણ કે પ્રદેશ ઉદયમાં બિલકુલ રસ હોતો નથી અને વિપાક ઉદયમાં દળીયાં રસથી ભરેલાં હોય છે. રસવાળાં કર્મ પુદ્ગલનો ઉદય તે વિપાક ઉદય અને નિરસ બનેલાં કર્મદળનો ઉદય તે પ્રદેશ ઉદય. એમ તો બન્ને ઉદય આત્મપ્રદેશમાં જ થાય છે પણ વિપાક અને પ્રદેશનો ભેદ પાડનાર ઉપર જણાવેલ રસ અને સ્થિતિ જ છે. રસ અને સ્થિતિ વિહીન તે પ્રદેશ ઉદય, અને રસ અને સ્થિતિ સહિત તે વિપાક ઉદય. ઓછામાં ઓછા રસ અને ઓછામાં ઓછી સ્થિતિવાળું કર્મ કેવળજ્ઞાની તીર્થંકર ભગવાન બાંધે છે. પ્રથમ સમયે બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે નિર્જરે. શેષ સર્વ જીવો વધુ રસ અને વધુ સ્થિતિવાળાં કર્મ બાંધે છે. અધ્યવસાય શૂન્ય કેવળ કાયયોગથી બંધાતાં કર્મમાં મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયના અભાવે અલ્પ સ્થિતિ અને અલ્પ રસ હોય છે. અને બંધમાં વિચિત્રતા હોતી નથી. અર્થાત્ તીર્થંકર માત્ર કર્મ બાંધવામાં સરખા સ્થિતિવાળા હોય છે. સઘળા ય ત્રિસામયિક સ્થિતિવાળા હોય છે. પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિતથી છૂટી જવાવાળા નબળા બાંધાવાળાં કર્મો ભોગવવા પડતાં નથી અર્થાત્ તેનો વિપાક ઉદય ટળી શકે છે; પણ પ્રદેશ ઉદય તો થાય જ છે. પ્રદેશ ઉદય થયા સિવાય પુદ્ગલસ્કંધોની પડેલી કર્મસંજ્ઞા ટળી શકતી નથી. કર્મક્ષય એટલે વિપાક ઉદય અથવા પ્રદેશ ઉદય થઇ આત્મપ્રદેશોથી છૂટા પડી જવું. મજબૂત બાંધાનાં કર્મ કે જેને નિકાચિત અવશ્ય ભોગ્યત્વ, વિપાક ઉદયમાં અવશ્ય આવવાળાં કહેવાય છે. તેને પણ ક્ષપક શ્રેણીમાં વર્તતા મહાપુરુષો શુક્લધ્યાનદ્વારા તે નિકાચિત કર્મમાં રહેલા સ્થિતિ તથા રસનો ઘાત કરી વિપાક ઉદયની શક્તિથી હીન કરી નાંખે છે; જેથી કરી તે કર્મો વિપાક ઉદયમાં ન આવતાં પ્રદેશ ઉદય થઇને ખરી પડે છે.

પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત અને શુક્લધ્યાનરૂપ પ્રયત્નથી કર્મમાત્રનો વિપાક ઉદય ટળી શકે છે. અર્થાત્ ટાળ્યાં ટળી શકે છે. પ્રદેશ ઉદય તો કર્મ માત્રનો થવાનો જ. આ પ્રદેશ ઉદય તો કોલુમાં પીલી નાખેલી શેરડીના છોડા ચૂસવા જેવો હોય છે, અને વિપાક ઉદય તે રસવાળો શેરડીનો સાંઠો ચૂસવા જેવો હોય છે. પ્રદેશ ઉદય નિરસ અને વિપાક ઉદય સરસ જાણવો. અથવા ઔદયિક ભાવથી, ઔપશમિક ભાવથી કે ક્ષાયોપશમિક ભાવથી થવાવાળા જીવના પ્રયત્ન વગર કાંઇ પણ બની શકતું નથી. શુભાશુભનો ઉદય ટાળવા માટે જીવને પ્રયત્ન અવશ્ય કરવો પડે છે. ઔપશમિક ભાવ એટલે મોહનીય કર્મનું સત્તામાં દબાઇ જવું. ક્ષાયોપશમિક ભાવ એટલે ઉદય થયેલાનું ક્ષય થવું અને સત્તામાં રહેલાનો ઉદય ન થવો અને ઔદયિક ભાવ તે કર્મનું ઉદયમાં આવવું. ચાર ગતિઓ અનેક પ્રકારની આકૃતિઓ વગેરે ઔદયિક ભાવમાં આવી જાય છે. જેમ જીવને કર્મ બાંધવામાં પ્રયત્ન કરવો પડે છે, તેવી જ રીતે કર્મથી છૂટવામાં પણ પ્રયત્ન કરવો પડે છે અને પૂર્વે બતાવેલા પ્રયત્નોથી વિપાક ઉદય ટળી જઇ પ્રદેશોદય થઇ શકે છે અર્થાત્ ટાળ્યાં ટળી શકે છે. કેવળજ્ઞાનીઓ જે પ્રયત્નથી કર્મ છૂટવાનાં હોય છે તે જાણી શકે છે, અને તદનુસાર આત્માઓ પ્રયત્ન કરે છે. કેટલાક જીવો કર્મને ઉદયમાં લાવવાનો પ્રયત્ન કરે છે, તે હું દુઃખ ભોગવું એવા આશયથી નથી કરતા પણ ઉદયાધીન થઇને મને સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાઓ એવા આશયથી કરે છે. અંતે કર્મ ઉદયમાં આવી, ભોગવાઇ નિરસ થઇને ખરી પડે છે. જીવમાત્રની ત્રણ કાળની પ્રવૃત્તિને કેવળજ્ઞાનીઓ જાણે છે અને જીવો પણ તેમના જાણવા પ્રમાણે વર્તે છે.

પુરુષાર્થ કરશે કે નહીં કરે તે સઘળું જ્ઞાનીઓ જાણે છે અને તેજ પ્રમાણે થાય છે. વિપાક ઉદયનો પ્રદેશ કરવાનો પ્રયત્ન, વિપાક ઉદયમાં લાવવાનો પ્રયત્ન, ઉદયમાં આવેલાને ક્ષય કરવાનો પ્રયત્ન વગેરે વગેરે પુરુષાર્થો જ્ઞાનીઓના જ્ઞાનથી બહાર હોતા નથી. ત્રિવિધ તાપ( દુઃખ કર્મ )ના વિપાક ઉદયને ક્ષય કરવા દ્રવ્ય પુરુષાર્થ ( અનેક પ્રકારના વ્યસાયરૂપ ) અને ભાવ પુરુષાર્થ-તપ જપ, આદિ જીવ-માત્ર કરી રહ્યા છે.

સંસારમાં જેટલા ભાવો થયા છે, થાય છે અને થશે તે સર્વે જ્ઞાનીના જાણવા પ્રમાણે જ છે. આપણને જે કાંઇ વિચારો ઉત્પન્ન થાય છે તે કર્મની પ્રેરણાથી થાય છે અને તેને સર્વજ્ઞો જાણે છે. કેટલાક કહી દે છે કે જ્ઞાનીએ જોયું હશે તેમ થશે, એમ માનીને પુરુષાર્થહીન થાય છે અને કેટલાક જ્ઞાનીઓએ શું જોયું છે તેની આપણને શી ખબર પડે, એમ માની પુરુષાર્થ કરે છે. એ સઘળુંયે જ્ઞાનીઓના જ્ઞાન બહાર તો નથી જ. સંસારમાં હિંદુ-સમાજમાં એવી માન્યતા છે કે જે કાંઈ થાય છે તે પ્રભુની પ્રેરણા સિવાય થતું નથી. ઇસ્લામ ધર્મમાં ખુદાના હુકમ સિવાય ઝાડનું પાંદડું પણ હાલતું નથી એવી માન્યતા છે. ત્યારે જૈન સમાજમાં પ્રભુએ જ્ઞાનમાં જોયું છે તેમ થાય છે; તેમાં જરાયે ફેર પડતો નથી. તાત્પર્ય કે દુનિયાના અન્ય ધર્મો પ્રભુને પ્રેરક માને છે, ત્યારે જૈન ધર્મ પ્રભુને પ્રકાશક માને છે અને કર્મને પ્રેરક માને છે. બસ, એટલો જ ફરક રહે છે.

જીવ, કર્મની પ્રેરણાથી કાર્ય કરે છે. કાર્ય માત્રમાં કર્મની પ્રેરણા હોય છે. કેવળજ્ઞાનીએ જ્ઞાનમાં જોયું હોય તેમ થતું હોય તો પ્રયત્નને અવકાશ કયાંથી ? આ વિચાર પણ કર્મની પ્રેરણાથી અને પ્રભુના જાણવા પ્રમાણે થયો. પ્રભુએ આજ પ્રમાણે જાણ્યું હતું કે અમુક વ્યક્તિને અમુક ટાઇમે અમુક વિચાર ઉત્પન્ન થશે. તેમજ કર્મના વિપાકોદયને ટાળવા પ્રયત્ન કરનાર વ્યક્તિના આશય અને પ્રવૃત્તિને પણ જાણતા જ હતા.

જો આપણને અમુક કર્મ ભોગવવું પડશે એવું જ્ઞાનીએ જોયું હોય તો આપણને કર્મને ખસેડવા પ્રયત્ન સૂઝે જ નહિ, અને અમુક પ્રયત્નથી અમુકના અમુક કર્મ ટળી જશે એવું જોયું હોય તો તે વ્યક્તિ અવશ્ય પ્રયત્ન કરી કર્મ ટાળ્યા વગર રહેતો નથી. અમુક વ્યક્તિ અમુક પ્રયત્ન કરશે પણ તેને નિષ્ફળતા પ્રાપ્ત થશે તો તે ભાવ પણ તેમ થયા વગર રહેતા નથી. તાત્પર્ય કે ત્રિવિધ તાપ પ્રયત્નથી ટાળ્યા ટળી શકે છે અને નથી પણ ટળતા. બન્નેમાં જ્ઞાનીઓને યથાર્થ જ જ્ઞાન હોય છે. જ્ઞાનીઓએ શું જોયું છે તે અલ્પ જીવ જાણી શકતો નથી, પણ અનુમાન કરી શકે છે કે મારી પ્રવૃત્તિ તથા અપ્રવૃત્તિ, સફળતા અને નિષ્ફળતા વગેરે કાયિક, માનસિક, વાચિક પ્રવૃત્તિઓ જ્ઞાનીઓની જાણ પ્રમાણે જ થાય છે. આટલા ઉલ્લેખથી કંઈક સમાધાન થશે જ કે જ્ઞાનીઓના જાણવા છતાં પુરુષાર્થને અવકાશ તો છે જ. જ્ઞાનીઓનું જ્ઞાન પુરુષાર્થમાં આડું આવી શકતું નથી, તેમજ આપણે પણ જાણી શકતા નથી કે જ્ઞાનીઓએ આપણા માટે જ્ઞાનમાં શું જોયું છે ? તેથી પણ પુરુષાર્થને અવકાશ છે જ.

બીજી એક બાબત સંસારમાં દષ્ટિગોચર થાય છે અને તે એ છે કે દુઃખને ખસેડવા

For Private And Personal Use Only

# પરમાર્થસૂચક વસ્તુવિચાર સંગ્રહ

સંગ્રાહક ને યોજક: **મુનિશ્રી પુણ્યવિજય ( સંવિજ્ઞપાક્ષિક ) અમદાવાદ.**

સ્યાદ્‌વાદ સિદ્ધાન્તનો ઉદ્દેશ એ જ છે કે કોઈ પણ સમજદાર વ્યકિત કોઇ વસ્તુના વિષયમાં સિદ્ધાન્ત નિશ્ચિત કરતી વખતે પોતાની પ્રામાણિક માન્યતાઓને ન છોડે; પરંતુ અન્યની પ્રામાણિક માન્યતાઓનો પણ આદર કરે. ૧.

સ્યાદ્‌વાદ સિદ્ધાન્ત હ્રદયની ઉદારતા, દષ્ટિની વિશાળતા, પ્રામાણિક મતભેદની જિજ્ઞાસા અને વસ્તુના વિવિધપણાના ખ્યાલ પર જ છે. ૨.

સ્યાદ્‌વાદી એટલે 'આ પણ સાચું ને તે પણ સાચું' 'આમે ખરું ને તેમે ખરું' એમ અવ્યવસ્થિત વિચારવાળા નથી હોતા. સ્યાદ્‌વાદ તેમ માનવા કે મનાવવા કહેતો પણ નથી; ઊલટું તે તો એક દષ્ટિને સ્થિર કરીને અનેક દષ્ટિએ વસ્તુને જોવાનું કહે છે.૩.

જેમ અનેકાન્તદષ્ટિ એ એકાન્તદષ્ટિ ઉપર પ્રવર્તતા મતાંતરોના અભિનિવેશથી બચવાની શિક્ષા આપે છે, તેમ તે અનેકાંતદષ્ટિને નામે બંધાતા એકાંત ગ્રહોથી બચવાની પણ શિક્ષા આપે છે. જૈન પ્રવચન અનેકાંતરૂપ છે એમ માનનાર પણ જો તેમાં આવેલા વિચારોને એકાંતરૂપે ગ્રહણ કરે, તો તે સ્થૂલ દષ્ટિએ અનેકાંતસેવી છતાં તાત્ત્વિક દષ્ટિએ એકાંતી જ બની જાય છે. ૪.

જેમાં અનેકાંતદષ્ટિ લાગુ કરવી હોય તેનું સ્વરૂપ બહુ બારીકીથી તપાસવું. તેમ કરવાથી સ્થૂલ દષ્ટિએ દેખાતા કેટલાક વિરોધો આપોઆપ શમી જાય છે અને વિચારણીય વસ્તુનું તાત્ત્વિક સ્વરૂપ ચોક્કસ રીતે ધ્યાનમાં આવે છે. ૫.

જૈન ધર્મની ટૂંકી વ્યાખ્યા એટલી જ કે જેમાં સ્યાદ્‌વાદ–અનેકાંતવાદ રહેલો છે. કોઈનો પણ પક્ષપાત નથી અને સર્વથા અવિરુદ્ધ ને અવિસંવાદી છે. તે ધર્મને શ્રી જૈનધર્મ કહેવાય છે. ૬.

સઘળા દર્શનકારો શબ્દથી સ્યાદ્‌વાદને નહિ માનવા છતાં અર્થથી સ્યાદ્‌વાદ ચક્રવર્તીની

---

બાહ્ય પ્રવૃત્તિઓ તથા અભ્યંતર પ્રવૃત્તિઓ આદરાય છે. તેવી જ રીતે સુખને ખસેડવા અભ્યંતર કે બહારની પ્રવૃત્તિ આદરાતી નથી. દુઃખને ખસેડવા સૌ કોઈ પ્રયત્ન કરે છે પણ સુખને ખસેડવા કોઈ પણ પ્રયત્ન કરતું નથી. જેમ દુઃખ કર્મ છે તેમ સુખ પણ કર્મ છે, છતાં અનાદિ કાળની વાસનાથી દુઃખ સૌને અપ્રિય લાગે છે અને સુખ પ્રિય લાગે છે. એટલે દુઃખને લક્ષમાં રાખીને દૂર કરવા પ્રયત્ન કરાય છે; છતાં એ જ પ્રયત્નથી સુખ પણ ખસી જાય છે. જે પ્રયત્નથી દુઃખ ખસે છે તે જ પ્રયત્નથી સુખ પણ ખસી શકે છે. અનેક જીવોને દુઃખ આપી સુખી બનવા, કરવામાં આવતા પ્રયત્નથી સુખ પણ ખસી જાય છે, અથવા પૌદ્‌ગલિક સુખની આશાથી કરવામાં આવતા જપતપરૂપ પ્રયત્નથી પુન્યકર્મ બંધાય છે અને તેથી આત્મિક સાચું સુખ આવરાઇ જાય છે. આ સઘળો એ કર્મનો જ વિલાસ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ્ઞાને સીધી કે આડકતરી રીતે સ્વીકાર કર્યા વગર ચાલતું નથી. ૭.

દરેક ધર્મ પોતપોતાના સ્થાને અપેક્ષાએ સાચા છે એમ માનવું, પણ તેથી 'બધા ધર્મો સરખા છે' એમ સિદ્ધ થતું નથી. બધા ધર્મોના ચઢતા ઉતરતા દરજ્જા અવશ્ય છે. સાધકે પોતાને આત્મોન્નતિને યોગ્ય ઉચ્ચ કોટિનો ધર્મ કયો તેની સ્વયં શોધ કરવી જોઇએ અને મધ્યસ્થ દૃષ્ટિથી–પક્ષપાતરહિતપણે જે શોધાય તેને સ્વીકારવા તત્પર રહેવું જોઇએ. ૮.

વેદાદિ અન્ય શાસ્ત્રોમાં જે પરસ્પર અવિરુદ્ધ અને અવિસંવાદી ઉપદેશો મળી આવે છે, તે શ્રીજિનાગમરૂપી મહાસાગરમાંથી ઊછળેલા વચનરૂપી બિંદુઓ છે. ૯.

દુનિયામાં કોઈ નીતિમાન માણસના ચોપડા શંકાશીલ કે ખોટા છે, એમ કોઈ કહે તો ગુન્હેગાર ગણાય છે, તો સર્વજ્ઞ ભગવાન જેવા પરમ જ્ઞાનવાન પરમાત્માના વચનમાં શંકા ધારણ કરનારો, તેને ખોટા કહેનારો ગુન્હેગાર કેમ ન ગણાય? ૧૦.

સ્વયં સત્યવાદી ન બનવું એ જેટલો ગુન્હો છે એના કરતાં પણ જેઓ સત્યવાદી છે એમના પ્રત્યે અસદ્ભાવ ધારણ કરવો એ મોટો ગુન્હો છે અને અસદ્ભાવ થાય એવું પ્રવર્તન કરવું એ તેથી પણ મોટો ગુન્હો છે. ૧૧.

અસત્યવાદી જીવ સત્યવાદી થઈ શકે છે, પણ સત્યવાદી પ્રત્યે અસદ્ભાવ ધારણ કરનારો કદી પણ સત્યવાદી બની શકતો નથી. ૧૨.

વસ્તુનું ફળ સમજે પણ સ્વરૂપ ન સમજે તો ઇષ્ટની સિદ્ધિ થઈ શકતી નથી. હીરા, મોતી કે પન્નાની કિંમત સમજે પણ સ્વરૂપ ન સમજે તો ઠગાયા વગર રહે નહિ, તેવી જ રીતે ધર્મના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવવું જોઇએ અને એ મેળવે તો જ યથાર્થ ધર્મની પ્રાપ્તિ થાય; અન્યથા ઠગાવાનું થાય. ૧૩.

ભગવાન કેવળજ્ઞાનીઓના અવિરોધી એવા વચનોના અનુસારે મૈત્રી આદિ સાત્ત્વિક ચાર ભાવનાઓવાળું જે પ્રવર્તન થાય તે ધર્મ છે, અને એ વચનોને અનુસારે મૈત્રી આદિ ચાર ભાવનાઓવાળું જીવન જેઓ જીવે તેઓ યથાર્થ ધર્મી છે. ૧૪.

આત્મશ્રેયકારી લોકોત્તર ઉપકારી ધર્મસાધનાને લગતાં કાર્યોની સિદ્ધિ શ્રદ્ધાવિના થવી અશક્ય છે, એ જ કારણે મુક્તિમાર્ગના વર્ણનમાં જ્ઞાન અને ચારિત્રની પણ પહેલાં દર્શન યા શ્રદ્ધાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. ૧૫.

કૃષિક્રિયાને વિકસાવવામાં મુખ્ય હેતુ જેમ પાણી છે, તેમ જ્ઞાન, ચારિત્ર કે ધર્મ નિમિત્તક અનુષ્ઠાનોને શોભાવનાર, દીપાવનાર કે વિકસાવનાર મુખ્ય હેતુ શ્રદ્ધા છે. શ્રદ્ધા જ્ઞાનને શોભાવે છે, ચારિત્રને દીપાવે છે અને ક્રિયાઓને વિકસાવે છે અથવા તો તે સર્વની સફળતા માટે શ્રદ્ધા એ એક અનિવાર્ય વસ્તુ છે. ૧૬.

ધર્મોન્નતિ અને તેને પરિણામે થતી વિશ્વોન્નતિ મેળવવી હોય, તો બીજા પ્રયત્નોને ગૌણ બનાવી સમ્યક્ શ્રદ્ધાને સુદૃઢ બનાવવાના પ્રયત્નોને જ અગત્ય આપવાની જરૂર છે. ૧૭.

શ્રદ્ધાને સુદૃઢ બનાવવાનો સહેલામાં સહેલો અને સર્વોત્તમ ઉપાય યોગ્ય ધર્માધિકારી પુરુષોના મુખે સમ્યગ્જ્ઞાનના ભંડારસમા શ્રી જિનાગમોનું શ્રવણ કરવું એ છે. આ જ કારણે બુદ્ધિના આઠ ગુણ પૈકી શુશ્રૂષા ગુણને વધુ વજન આપવામાં આવ્યું છે. ૧૮.

શ્રદ્ધાની સાથે શુશ્રૂષાદિ બુદ્ધિના ગુણો ભળે તો જ શ્રદ્ધાની સ્થિરતા ને દૃઢતા રહે છે, પરંતુ એકલી બુદ્ધિ કાર્યકર નીવડતી નથી. શ્રદ્ધાની મુખ્યતા ને બુદ્ધિની ગૌણતા સમજવી. ૧૯.

જ્ઞાન અને ક્રિયામાં જ્ઞાન જો કે મુખ્ય છે, તો પણ કાર્યસિદ્ધિમાં ક્રિયાની અનિવાર્ય જરૂર છે. ૨૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળજ્ઞાની ભગવંતો પણ સર્વ સંવરરૂપ ચારિત્ર યા ક્રિયાને પામ્યા વગર પરમપદને પામી શકતા નથી, તો પછી બીજાની તો વાત જ શી ? મતલબ કે સમ્યગ્જ્ઞાન અને સંવરના સાધનરૂપ સમિતિ ગુપ્તિ આદિ સમ્યક્ક્રિયા એમ ઉભયથી મોક્ષ છે પણ બેઉમાંથી એકના અભાવમાં મોક્ષ નથી. ૨૧.

આત્માની શક્તિઓનો એક સરખો વિકાસ સાધ્યા વગર કોઈ પણ ફળ પ્રાપ્ત કરી શકાય નહિ એની શકિતઓ મુખ્ય બે છે: એક ચેતના અને બીજું વીર્ય. એ બન્ને શકિતઓ અરસ-પરસ એવી સંકળાયેલી છે કે એકના વિના બીજાનો વિકાસ અધૂરો જ રહી જાય છે તેથી બન્ને શકિતઓ સાથે જ આવશ્યક છે. ચેતનાનો વિકાસ એટલે જ્ઞાન મેળવવું અને વીર્યનો વિકાસ એટલે જ્ઞાન પ્રમાણે જીવન ઘડવું. જ્ઞાન અને ક્રિયા એ બન્ને એકાંતો અર્થાત્ જીવનના છૂટા છૂટા છેડાઓ છે. એ બન્ને છેડાઓ ગોઠવાય તો જ તે ફળસાધક બને, અન્યથા નહિ આ બાબતમાં અંધ-પંગુ ન્યાય પ્રસિદ્ધ છે. ૨૨.

શ્રી જૈન શાસ્ત્રરૂપી રથને નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે ચક્રો છે. જેઓ એ બે ચક્રોમાંથી એક પણ ચક્રનો ઇન્કાર કરનારા હોય અગર તેમ નહિ તો એકમાં જ રાચતા હોય તેઓ અને એ ઉભયનો યથાસ્થિત સ્વીકાર ને અમલ નહિ કરનારાઓ બન્ને ય પણ એ રથને ભાંગી નાંખવાનું પાપ કરનારા છે. ૨૩.

જ્ઞાન ગમે તેટલું મેળવ્યું હોય પણ સમ્યક્ ચારિત્ર સિવાયનું જ્ઞાન પાંગળું છે. જેમ પાંગળો માણસ ભલે દેખતો હોય, પરંતુ પગ વિના બળતા અગ્નિ પાસેથી ઇષ્ટ સ્થાને જઈ શકતો નથી તેમ જ્ઞાનીઓ જ્ઞાનબળે ભલે દેખતા હોય પણ ચારિત્રક્રિયારૂપ પગ વગર સંસારદાવાનળથી બચી કદી મુક્તિ મુકામે જઇ શકતા નથી. ૨૪.

ક્રિયા કરવામાં પોતાનું કે બીજાનું જ્ઞાન જો કે માર્ગદર્શક બને છે, પરંતુ ક્રિયાત્મક ફાયદો મેળવવા માટે ક્રિયા તો પોતે જ કરવી પડે છે. ૨૫.

પંચપરમેષ્ઠિમાં એકલા જ્ઞાનીને નહિ, પણ જ્ઞાન મુજબ અમલમાં મૂકનારને જ સ્થાન આપ્યું છે. આચરણ વિનાના મહાજ્ઞાનીઓ–અવધિ આદિ જ્ઞાનને ધારણ કરનારાને પણ સ્થાન નથી. ૨૬.

અધ્યાત્મની વ્યાખ્યા જણાવતાં શાસ્ત્રકાર મહારાજે કહ્યું છે કે: '**आत्मानमधिकृत्य पंचाचार चारिमा**' આત્માને ઉદ્દેશીને જે પાંચે આચારની સાધના કરવી તેનું નામ અધ્યાત્મ કહેવાય છે. આ વ્યાખ્યા જ જણાવે છે કે ભાવચારિત્ર ટકાવવાને દ્રવ્યચારિત્રની જરૂરિયાત છે, માટે દ્રવ્યને ભાવનું કારણ માનીને સારા નિમિત્તોને સેવવાપૂર્વક પાંચે આચારને પાળે તે બધા અધ્યાત્મી જ કહેવાય છે. ૨૭.

જ્યાં સુધી પ્રભુની આજ્ઞા માનવામાં ન આવે ત્યાં સુધી સમકિતની પ્રાપ્તિ થતી નથી. પ્રભુ અત્યારે વિદ્યમાન નથી પણ તેમના બનાવેલા સૂત્રો મોજૂદ છે તે સૂત્રોમાં પ્રભુએ જે જે કહ્યું છે તે મુજબ આપણે માનીએ, તો જ પ્રભુની આજ્ઞા માની કહેવાય અને તો જ સમકિત પ્રાપ્તિને યોગ્ય બની શકાય. ૨૮.

માનવું અને પાળવું એ બે એક વસ્તુ નથી. માનવું એટલે પાળવાની હાર્દિક ભાવના. પાળવું એટલે અસ્ખલિત જીવન ગાળવું. આ ભાવના ત્યારે જ ટકી શકે કે જ્યારે શ્રદ્ધાભાવિત હૃદય હોય. ૨૯.

જે લોકના વ્યવહારમાં પ્રવર્તે તે જ વ્યવહાર યોગ્ય કહેવાય. લોકો ઉપાદેય પદાર્થોમાં પ્રવૃત્તિ અને હેય પદાર્થોથી નિવૃત્તિ શ્રુતજ્ઞાન દ્વારા જ કરે છે, માટે વ્યવહાર યોગ્ય શ્રુતજ્ઞાન હોવાથી તે જ અત્યંત લોકોપકારી છે. ૩૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા

લેખક : **શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી** બી. એ. એલ., એલ., બી.

શ્રી 'આત્માનંદ પ્રકાશ'ના ઑક્ટોબર માસમાં પ્રસિદ્ધ થયેલ અંકમાં 'સમ્યક્ શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા 'ના મથાળાવાળો લેખ વાંચ્યા પછી આ લેખ લખવાની પ્રેરણા થયેલ છે. જૈન દર્શન અનેકાંતવાદી છે. દરેક વિષયનો જુદી જુદી દૃષ્ટિથી અભ્યાસ કરવો, તેમાં દેખાતા વિરોધોનો વિચાર કરવો, દેખાતા વિરોધોનો સમન્વય કરવા પ્રયાસ કરવો, અને તેમાંથી સત્ય શોધવાનો તાત્વિક પ્રયત્ન કરવો તે અનેકાંતવાદના સિદ્ધાંતનું રહસ્ય છે. આવી બુદ્ધિથી આ લેખ લખ્યો છે, તેમાં ખોટી ચર્ચા કરવાનો કે ટીકા કરવાનો બિલકુલ આશય નથી.

પ્રથમ શ્રદ્ધા શબ્દનો અર્થ જોવાનો રહે છે. શ્રદ્ધા એટલે આપ્ત પુરુષના વચનની બુદ્ધિથી પરીક્ષા કર્યા વિના ગ્રહણ કરવાની વૃત્તિ. શ્રુતિ સ્મૃતિ કે આગમમાં જે જે વિધિવિધાન બતાવ્યાં હોય, તત્ત્વ વિષે જે પ્રરુપણા કરી હોય તેનો અનુભવ જ્ઞાનમાં ઉતાર્યા વિના અથવા તાર્કિક દૃષ્ટિએ ચકાસણી કર્યા વિના સ્વીકાર. એક ધર્મગુરુ ધર્મનું એક પુસ્તક હાથમાં લઇ કહે કે : 'Thus said the Lord' પ્રભુએ આ પ્રમાણે કહ્યું છે, તો તે વચનને કાંઇ ઊહાપોહ કર્યા વિના, બુદ્ધિથી વિચાર કર્યા વિના માની લેવું તેવી મનની વૃત્તિને શ્રદ્ધા કહેવામાં આવે છે. લોકોમાં ઘણા ધર્મો શ્રદ્ધા ઉપર બંધાયેલા હોય છે, શ્રદ્ધા ઉપર જ જીવે છે; પણ જૈનધર્મ જેવા ધર્મોનો મૂળ પાયો ફક્ત શ્રદ્ધા ઉપર હોતો નથી. તેમાં શ્રદ્ધાનું જે તત્ત્વ છે તે અંધશ્રદ્ધા નથી, પણ તાત્વિક શ્રદ્ધા ( rational faith ) છે. આગમો જુઓ, પૂર્વાચાર્યોના ગ્રંથો જુઓ તો તેમાં અમે કહીએ છીએ માટે માની લ્યો એવું ભગવાન કે આચાર્યો કહેતા નથી, જે વચન તમને યુક્તિમદ્ લાગે તે જ ગ્રહણ કરો એવું ફરમાવે છે. ખુદ તીર્થંકર સર્વજ્ઞ મહાવીર ભગવાને પણ આત્માની સિદ્ધિ માટે પોતાના વચન ઉપર શ્રદ્ધા રાખી—માની લેવા ગૌતમ ગણધરને કહ્યું નથી, તેમ પોતે કેવળી છે અને કેવળજ્ઞાનમાં તે પ્રમાણે ભાસ્યું છે એમ પણ કહ્યું નથી, પણ ગૌતમ ગણધરે માન્ય રાખેલ વેદના વાક્યો, પ્રત્યક્ષ અનુમાન વગેરે જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનોદ્વારા આત્મતત્ત્વની પ્રતીતિ કરાવેલ છે; એટલે જૈન ધર્મ શ્રદ્ધાપ્રધાન ધર્મ નથી, પણ જ્ઞાનપ્રધાન ધર્મ છે. જૈન ધર્મનો પાયો તત્ત્વજ્ઞાન ઉપર છે, ફક્ત શ્રદ્ધા ઉપર નથી. સામાન્ય વ્યવહારમાં પણ આપણે એક વચન પ્રથમ શ્રદ્ધાથી માની લઇએ છીયે, કારણ તે વિના વ્યવહાર ચાલી શકતો નથી કે જ્ઞાનની વૃદ્ધિ થતી નથી, પછી આપણે તે વચનને આધારે કાર્ય કરીએ છીએ, અનુભવમાં મૂકીએ છીએ, અનુમાનાદિક જ્ઞાનના સાધનોથી તે વચનની સમાલોચના કરીએ છીએ, અને અનુભવ અને પ્રમાણથી જો તે વચન કાર્યસાધક બને તો તેનો સ્વીકાર કરીએ છીએ, અને કાર્યસાધક ન બને તો તે વચનને મિથ્યા માની ત્યજી દઇએ છીએ. એટલે શ્રદ્ધાથી જ્ઞાનપ્રાપ્તિની શરુઆત થાય છે અને શ્રદ્ધેય વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કાર્યસાધક થાય તો માન્યતા ( belief ) મટીને સિદ્ધાંત ( theory ) બને છે, અને વાસ્તવિક જ્ઞાનરૂપે પરિણમે છે. આત્માનું અસ્તિત્વ, જીવ અને કર્મનો સંબંધ, જગત્કર્તા તરીકેની ઇશ્વરની માન્યતા જેવા કેટલાક વિષયો અતીંદ્રિય હોય છે અને પ્રત્યક્ષ ગોચર હોતા નથી, પણ તેટલા ઉપરથી વચન પ્રમાણથી માની લેવા એવો શાસ્ત્રકાર આગ્રહ કરતા નથી. પ્રત્યક્ષ સિવાય જ્ઞાન પ્રાપ્ત કરવાના બીજા સાધનો છે. અનુમાન, ઉપમાન વગેરે સત્ય-અસત્ય શોધવાના સાધનો છે. તે દ્વારા શ્રદ્ધેય વચનની પ્રમાણતાની પરીક્ષા થઇ શકે છે; સુવર્ણની પરીક્ષા જેમ કસ, છેદ અને તાપથી કરવામાં આવે છે તેમ આગમના વચનોની પરીક્ષા કરવા શાસ્ત્રકાર ફરમાવે છે, એટલી જ મર્યાદા છે કે પરીક્ષા કરનાર નિપુણ માણસ હોવો જોઇએ. જગતમાં નૈતિક વ્યવસ્થા જોવામાં આવે છે, સારા કામનું ફળ સારું મળે છે, ભૂરા કામનું ફળ બુરું મળે છે, આ મનુષ્યભવમાં પણ સાચો પુરુષાર્થ કરવાથી એક માણસ જ્ઞાન પ્રાપ્ત કરી દૈવી સંપત્તિ મેળવતો જોવામાં આવે છે, જ્યારે બીજો માણસ ઊલટો પુરુષાર્થ કરવાથી પશુની સ્થિતિએ પહોંચતો દેખાય છે. પરસ્પર દેખાતા આવા વિરોધ ભાવોનો બીજો કાંઈ ખુલાસો ન મળી શકતો હોય તો કર્મનો નિયમ માનવાનો રહે છે. કર્મનો નિયમ સ્વીકારવાથી નૈતિક વ્યવહારને પુષ્ટિ મળે છે અને આધ્યાત્મિક જીવનનો વિકાસ થાય છે અને જગતમાં વ્યવસ્થા સચવાઇ રહે છે. ટૂંકામાં, આવી તાત્ત્વિક વિચારણાથી પ્રત્યક્ષ નહિ એવા અતીંદ્રિય વિષયો-નિયમોની પ્રતીતિ થઇ શકે છે. જ્ઞાનની ઊંચી કક્ષાએ પહોંચેલા યોગી પુરુષોને આત્મતત્ત્વ જેવી અતીંદ્રિય વસ્તુનું પ્રત્યક્ષ દર્શન થાય છે. ટૂંકામાં, શ્રદ્ધેય વચનો અનુભવજ્ઞાનથી પર નથી, અને તે વચનોની પ્રમાણતાનો આધાર જ્ઞાનની પરિપક્વતા ઉપર છે.

કદાચ એમ કહેવામાં આવે કે ધર્મનો મુખ્ય પાયો શ્રદ્ધા છે, તેમાં જ્ઞાન ગૌણ છે. **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** એ સિદ્ધાંતભૂત સૂત્રમાં દર્શનને પ્રથમ મૂકેલ છે, જ્ઞાનને પછી મૂકેલ છે. દર્શનનો અર્થ શ્રદ્ધાન થાય છે માટે શ્રદ્ધાનને ધર્મના વિષયમાં અગ્રસ્થાન આપવું જોઇએ. આ દલીલ વિચારવા જેવી છે, પણ નિરુત્તર ( conclusive ) નથી. તાત્ત્વિક વિચારણા પ્રમાણે Intuitive Knowledge એવો અર્થ સમ્યગ્ દર્શનનો થઇ શકે છે તેમ જ્ઞાનનો અર્થ Reflective Knowledge થાય છે. Intuitive Knowledge એટલે જેને શાસ્ત્રમાં પ્રાતિભજ્ઞાન-અંતર્જ્ઞાન કહે છે. આ જ્ઞાનમાં આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન થાય છે. તેવું દર્શન થતાં સ્વપરનો ભેદ પ્રત્યક્ષ થાય છે. મિથ્યાભ્રાંતિ ટળી જાય છે અને ભ્રાંતિ ટળી જતાં અચળ શ્રદ્ધા ( faith ) થાય છે. આ સ્થિતિમાં શ્રદ્ધા એક આધ્યાત્મિક ચક્ષુનું કામ કરે છે. ચર્મચક્ષુથી જેમ ભૌતિક પદાર્થોનું જ્ઞાન થાય છે તેમ શ્રદ્ધારૂપી આધ્યાત્મિક ચક્ષુથી આત્મા જેવા અતીંદ્રિય પદાર્થોનું જ્ઞાન થાય છે પણ આ વિકાસશ્રેણીમાં તો શ્રદ્ધા અને જ્ઞાન એકમેક થાય છે. ત્યાં બન્ને વચ્ચે ભેદ રહેતો નથી.

ટૂંકામાં, ધર્મનો પાયો શ્રદ્ધા છે, પણ તે અંધશ્રદ્ધા નથી. બુદ્ધિગમ્ય (rational faith) શ્રદ્ધા છે. જૈનદર્શને ઇશ્વર જેવી એક અગમ્ય સર્વવ્યાપી સર્વનિયામક શક્તિને સ્વીકારેલ નથી, તેમ આગમોને વેદની જેમ અપૌરુષેય માન્યા નથી. આવા ધર્મનો પાયો તો તત્ત્વ ઉપર જ છે. તત્ત્વજ્ઞાન ઉપર આવા ધર્મનો નિર્વાહ છે, માટે જ આ ધર્મમાં તત્ત્વજ્ઞાનને અગ્રપદ આપવામાં આવેલ છે. જૈનધર્મ તાત્ત્વિક ધર્મ છે, એટલે સેંકડો વર્ષોમાં તે જીવતો રહ્યો છે અને હજુ પણ જીવે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યમાં પણ તત્વજ્ઞાન ઉપર નિર્ભર રહી જીવવાનો છે. આવા ધર્મમાં શ્રદ્ધાને પ્રધાનપદ આપવું અને જ્ઞાનને ગૌણપદ આપવું તે ધર્મનો હ્રાસ કરવા જેવું છે.

આ બુદ્ધિવાદ અને વિજ્ઞાનવાદના જમાનામાં ધર્મને ફક્ત શ્રદ્ધા ઉપર સ્થાપિત કરવો અથવા ઉપદેશવો તે વ્યાજબી અને શક્ય નથી. જ્ઞાન મેળવવાના અનેક સાધનો ઊભા થયા છે. સ્કૂલો છે, કૉલેજો છે, યુનિવર્સિટીઓ છે, જુદા જુદા દર્શનો બતાવનાર સંસ્કૃત શાળાઓ છે, ઇંગ્રેજી જેવી પ્રખર ભાષાનું જ્ઞાન છે, ન્યુસ-પેપરો છે, માસિકો છે, રેડિયો છે, ભાષણો છે, સાયન્સની પ્રયોગશાળાઓ છે–આવા પ્રગતિ-શીલ જમાનામાં જૈનસમાજને અને ખાસ કરીને યુવાન જૈન પ્રજાને ઉપાશ્રયના ચાર ખૂણા વચ્ચે બેસાડી ફક્ત શ્રદ્ધા રાખી ધર્મના સિદ્ધાંતોનો તમે સ્વીકાર કરાવી શકો નહિ. જૈન ધર્મના ઉપદેશકોએ જૈનધર્મના મૂળ સિદ્ધાંતો-નો અભ્યાસ કરવો જોઇએ. તેનું મનન અને ચિંતવન કરવું જોઇએ. સેંકડો વર્ષથી જૈન સંપ્રદાય જુદા જુદા દેશોમાં અને જુદા જુદા કાળમાં વહેવાથી ધર્મના શુદ્ધ સ્વરૂપને જે કાંઈ મલિનતા લાગી હોય, તેનું સંશોધન કરી, તેનું શુદ્ધ સનાતન સ્વરૂપ જૈન સમાજ અને જગત પાસે મૂકતાં શીખવું જોઇએ.

ધર્મનો મૂળ હેતુ તો મુક્તિનો માર્ગ બતા-વવાનો છે. જીવ કયા કયા કારણોથી સંસારમાં ભ્રમણ કરે છે? તેને કેવા કેવા કારણોથી કર્મના બંધન થાય છે? તે કર્મબંધન કેમ અટકાવી શકાય? બાંધેલા કર્મ કેમ ખપાવી શકાય? અને મુક્તિનો માર્ગ કેમ સરલ થઇ શકે? તે બતાવ-વાનું ધર્મનું મુખ્ય કામ છે, એટલે અધ્યાત્મનું જ્ઞાન આપવું તે ધર્મનું કામ છે. પૌદ્ગલિક પદાર્થોનું સ્વરૂપ બતાવવું તે ગૌણ કામ છે. એટલે હાલના વિજ્ઞાનશાસ્ત્રની શોધખોળથી પૌદ્ગલિક જગત સંબંધી ધર્મના કાંઇ મંતવ્યો વિરોધ જતાં હોય–દાખલા તરીકે પૃથ્વીનું સ્વરૂપ, ચંદ્ર, સૂર્ય આદિ નક્ષત્રોની ગતિ–તો તે મંતવ્યોને ગૌણ માની, તે મંતવ્યો સંબંધનો આગ્રહ છોડી દઇ ધર્મના મૂળ સિદ્ધાંતો ઉપર જ ભાર મૂકવો જોઇએ. ઉપદેશકોએ વિજ્ઞાનશાસ્ત્ર પણ જોવું જોઇએ. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો પણ અભ્યાસ કરવો જોઇએ, જેથી બુદ્ધિગમ્ય ધર્મનો ઉપદેશ કરી શકાય.

એક એવી દલીલ કરવામાં આવી છે કે લોકોમાં ભિન્ન ભિન્ન રુચિ છે. રુચિભેદને લીધે ધર્મભેદ, દર્શનભેદ, શાસ્ત્રભેદ અને જ્ઞાનભેદ કાયમ રહેવાના છે, માટે જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો વચ્ચે સમાનભાવ થવો અશક્ય છે અને તેવા સમભાવની વાતો કરનારા સમાજને ધર્મરુચિથી ભ્રષ્ટ કરે છે. આ દલીલ સ્વીકારવા જેવી નથી. જુદા જુદા સંપ્રદાયો અને ધર્મના માણસો વચ્ચે જેમ રુચિભેદ છે તેમ જૈન જેવા એક જ ધર્મ માનવાવાળા લોકોમાં પણ ભિન્ન ભિન્ન રુચિ છે. એટલે ઉપરની દલીલ પ્રમાણે તો એક ધર્મના માણસો વચ્ચે પણ સમભાવ શક્ય નથી. તત્ત્વજ્ઞાન અને શુદ્ધ ધર્મનું મુખ્ય ધ્યેય ભિન્નતામાંથી એકતા સાધવાનું છે. જુદી જુદી ગતિના, જુદી જુદી જાતિના ભિન્ન ભિન્નરૂપે દેખાતા જીવોમાં એક અખંડ–અભિન્ન સમાન ચેતના દ્રવ્ય રહેલ છે તે આ તાત્ત્વિક જૈન દર્શનની વિચારણાનું ફલ છે અને તે અખંડતા પ્રાપ્ત કર-વાનો પુરુષાર્થ કરવા ધર્મની બધી પ્રવૃત્તિઓ છે.

ધર્મના ઉપદેશમાં માધ્યસ્થ્ય ભાવને બદલે અહંભાવ સામ્રાજ્ય ભોગવે તો તે ઉપદેશ સમાજનું કે શ્રોતાઓનું કલ્યાણ કરવાને બદલે રાગદ્વેષની વૃદ્ધિ કરનાર થાય છે. અત્યારની જૈન સમાજની કલુષિત સ્થિતિનું કારણ માધ્યસ્થ્ય ભાવનો ત્યાગ અને અહંભાવની વૃદ્ધિ છે.

ટૂંકામાં (૧) ફક્ત શ્રદ્ધા ઉપર રચાયલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આજ્ઞા ઉલ્લંઘન!
## [૫]

લેખક: **મોહનલાલ દીપચંદ ચોકસી.**

(ગતાંક પૃષ્ઠ ૫૦ થી ચાલુ)

પધારો, પધારો, ગુરુદેવ! આજે આપના પવિત્ર કદમ એકાએક મારા આ નિવાસસ્થળમાં શા કારણે થયા ?

રાણીની માંદગીથી જેનું ચિત્ત આજ કેટલાક દિવસથી વિહ્વળ બન્યું છે અને જેના મનમાં ચિંતા ડાકિનીએ ઘર ઘાલ્યું છે, એવા પદ્મનાભ રાજાએ દેવીભક્ત માણિક્યદેવને રાજમંદિર તરફ આવતા નિહાળી, આસન ઉપરથી ઊભા થઈ, સામે જઈ આવકાર આપતા ઉપરના શબ્દો ઉચ્ચાર્યા.

પુરોહિત માણિક્યદેવ સમયવર્તી આસન પર બેઠક લેતાં જ જરા કરડાકીથી બોલી ગયો:

'રાજન્, મહારાણીના મંદવાડની ચિંતાથી તમારું મન ક્ષુભિત થયું જણાય છે! ચહેરા પર તેથી જ નિસ્તેજતાની કાલિમા પ્રસરી ચૂકેલી દેખાય છે!'

'ગુરુજી, એ વાતની આપને કોણે ખબર કરી ?'

'કાળીમાતાના સાનિધ્યવાળા મને, તમો આ પ્રશ્ન પૂછો છો એ ઓછું આશ્ચર્ય છે? રાણીની માંદગીની વાત હું જાણું છું; એટલું જ નહિ પણ હું એ પણ જાણું છું કે જ્યારથી રાણીમાતા પેલા મંદાર પર દેવના દર્શન કરી આવ્યા ત્યારથી જ તેમની પ્રકૃતિ બગડવી શરુ થઈ અને ચોથા દિને તો બિછાનામાં પટકાઇ પડ્યા! પંદર વર્ષથી જે સ્થળનો પડછાયો પણ નહોતો લીધો એવા એ નાસ્તિકોના ધામમાં માદીકરી ગયા. દેવીનો સંદેશ કાનોકાન શ્રવણ કર્યા છતાં એ અવગણી તેં એમાં સાથ પૂર્યો! રાજન્! તું એમ સમજે છે કે આ પુરોહિત સાવ મૂર્ખ છે? કિંવા કેવળ મંદિરમાં રહે છે એટલે એને આસપાસના બનાવોની કંઈ જ ખબર નથી? પદ્મનાભ! સમજી લે કે માતાના અનન્ય ઉપાસક એવા મને દેવી હાજરાહજૂર છે. એના દ્વારા ભાવિમાં બનનારા બનાવોની આગાહી થાય છે. દેવીની આજ્ઞાનું ઉલ્લંઘન કરી, હે રાજન્! તું સાર નહિ કાઢે. સારાયે નગરમાં એથી વિનાશની નોબત વાગશે. કાળીમાતાના કોપ સામે હજુ સુધી નથી તો કોઇ ટક્યું કે નથી તો કોઇ ટકવાનું!'

ગુરુદેવ, આમ ગુસ્સે ન થાઓ. જરા ધીરજ ધરો અને મને સમજાવો તો ખરા કે મેં કાળીમાતાની કઈ આજ્ઞા અવગણી?' રાજા ગળગળા સાદે નમ્રતા ધારણ કરી પૂછવા લાગ્યો અને તેણે ઉમેર્યું કે:

'મેં માતાના ચરણે નથી તો નૈવેદ્ય ધરવામાં કચાશ રાખી કે નથી તો એ નિમિત્તના ઉત્સવમાં કોઇ પ્રકારની કૃપણતા દાખવી! અરે, એ મહામાયાની

---

ધર્મ ટકી શકતો નથી કે વિકાસ પામી શકતો નથી.

(૨) તાત્ત્વિક જ્ઞાન ઉપર રચાયેલ ધર્મ વિકાસ પામે છે અને સ્થાયી રહી શકે છે.

(૩) જૈન ધર્મ એક તાત્ત્વિક ધર્મ (Philosophical Religion) છે.

(૪) માટે જૈનધર્મના વિકાસ અને અસ્તિત્વ માટે તાત્ત્વિક જ્ઞાન આવશ્યક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્નતા અર્થે તો મારા કુળધર્મનો ત્યાગ કર્યો છે અને મલ્લિપુરનો સ્વામી છતાં આપના ચરણમાં તો એકાદા કિંકર સમ આળોટું છું !'

'મહારાજ, આ કંઈ ગુસ્સે થવાનો પ્રસંગ નથી. એક તરફ આપ દેવીનો સંદેશ જાતે સાંભળો છો. નગ્ન સાધુના ઉપદેશથી રાજ્ય ઉપર આવનાર સંકટની એમાં આગાહી ભાળો છો, છતાં આશ્ચર્યની વાત તો એ જ છે કે એ વાતને દિવસો વીત્યા પણ આપે એ સંબંધમાં એકાદ પગલું લીધું છે ખરું ? આપના કર્મચારીઓથી જે વાત અજાણી છે કિંવા આપના ગુપ્તચરો જે વાત શોધી શક્યા નથી, તે વાત હું મેળવી લાવ્યો છું. જ્યારથી સાધુ અમરચંદ્રે મંદારગિરિ પર અડ્ડો જમાવ્યો છે ત્યારથી એનો બોધ સાંભળવા આવનાર નરનારીઓની સંખ્યા વધતી જ ચાલી છે, સભામંડપ મનુષ્યોથી ચિકાર બની જાય છે. વળી પેલા મંદિરમાં અવારનવાર મોટી પૂજાઓ થાય છે. એ જોવાના બહાને નગરમાંથી ઘણા માણસો ગિરિના પગથિયા ચઢે છે અને કેવળ દર્શન મિષે આવેલા એ બાપડા દિગંબર મુનિની વાચાળતામાં ફસી પડે છે ! એક વેળા જે સ્થાનમાં કેવળ કાગડા ઊડતા હતા એમ કહી શકાય અર્થાત્ જ્યાં રડ્યોખડ્યો માનવી દૃષ્ટિપથમાં આવતો ત્યાં આજે માનવીના પૂર વહી રહ્યાં છે. વાત આટલેથી નથી અટકી. સમીપવર્તી ચંપાનગરનો રાજપુત્ર પણ આવે છે એવું મેં સાંભળ્યું છે ! અને જ્યારથી મહારાણીના એ મંદિરમાં પગલા થયા ત્યારથી તો મને જબરું આશ્ચર્ય ઉદ્ભવ્યું ! રાજવીને વરદાનથી નવાજી દેનાર માતા પરથી રાજકુટુંબની ભક્તિ આમ ઊઠી જાય અને મારી ચક્ષુ સામે માતાનો કોપ ઊતરી આવવાનું સરળ બને એ શે જોયું જાય ? મારા પેટમાં આપનું અન્ન પડયું છે. મારી ફરજ એકવાર ફરીથી આવનાર ભીષણ સત્યાનાશથી આપને ચેતવવાની છે અને તેથી જ હું ચાલી ચલાવીને દોડી આવ્યો છું. મહારાજ, હજુ પણ આંખ ઉઘાડો. રાજ્યમાં જે બની રહ્યું છે તેની તપાસ કરો અને આ ધતિંગને પહેલી તકે દાબી દેવાના ઉપાય લ્યો.'

પદ્મનાભ–' પુરોહિતજી, કેવળ રાણીના જૈન મંદિરમાં જવા માત્રથી મારી ભક્તિ માતામાંથી ખસી ગઇ છે એમ ન માનો. પંદર વર્ષથી જે સ્થાનમાં પગ સરખો મૂકયો નથી એ મંદિરમાં રાણી સુરાદેવી મારી આજ્ઞાથી ગઇ અને તે પણ ના છલાજે. તમો જાણો તો છો કે આટલી ઉંમરમાં માત્ર મારે જો કોઇ પણ સંતાન હોય તો તે એકલી મૃગાવતી ! એટલે એ પુત્રીની હઠને લઇ મારે માદીકરીને ગિરિપર જવાની છૂટ આપવી પડી ! મૃગાવતીને માત્ર એ સ્થળની નૈસર્ગિતા નિહાળી, કેવળ દેવાલય નીરખી પાછા ફરવાની મેં તાકીદ કરી છે. મુનિની વાણી સૂણવાનો નિષેધ એમાં આલેખાયેલ છે. શું કુદરતના આંગણે છૂટથી ફરવામાં કિંવા સૃષ્ટિસૌન્દર્યનું પાન કરવામાં માતાની ભક્તિ નષ્ટ થાય છે એવું તમારું કથન છે ?'

માણિક્યદેવ–' મહારાજ, રાણી સુરાદેવી પથારીવશ હોવા છતાં પણ કુંવરી અહર્નિશ એ સ્થળે જાય છે એની આપને માહિતી છે ? આ રીતે દેવી પ્રતિ ઉપેક્ષા દાખવવાનું પરિણામ સારું નહીં આવે.'

પદ્મનાભ–' છિ, છિ, તમો એવું ન બોલો, માતાની કૃપાથી તો મારી એ બાળા આટલી મોટી થવા પામી છે. જગદંબાની મહેર પર તો હું હજુ આશાના કિલ્લા ચણી રહ્યો છું. આટલો લીલારો એની કૃપાનું ફળ છે એ હું સાવ ભૂલી જઉં એ કલ્પનામાં પણ આવી શકે તેમ નથી. બાકી સખી જોડે રાજકન્યા કેવળ સૃષ્ટિનિરીક્ષણના હેતુથી પ્રેરાઇ જતી હોય તો એ વાત જુદા રૂપમાં ન લઇ જવી ઘટે.'

પુરોહિત–' મહારાજ, આપની વાત સાંભળતાં તો આપ પૂર્ણ દેવીભકત છો છતાં પેલા સાધુના જામતા પ્રભાવને અટકાવવા અર્થે સત્વર પગલાં લેવાવા જોઇએ. આજે ભાદ્રપૂર્ણિમાનો છેલ્લો દિવસ છે. હજારો નરનારીઓને મેં એ ગિરિમાર્ગે જતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોયા અને જે ભક્તિભાવથી તેઓ ઉપદેશ સાંભળવા એકત્ર થાય છે એ જોઈ મારું અંતર ભેદાઈ જાય છે! મને ભીતિ પેઠી છે કે એ મુનિ વાચાળતાના પાશથી નગરની ભોળી જનતાને મંત્રમુગ્ધ બનાવી દેશે. અલબત, આજે પર્વનો અંતિમ દિવસ છે છતાં આટલી ગિરદી પૂર્વે કોઇ વાર જોવામાં આવી નહોતી. તળાટી પરનો રથ જોતાં રાજકુંવરી પણ ત્યાં પહોંચી જણાય છે. આપ ભલે આજ્ઞાપાલનના તાર પર અંગુલી ફેરવ્યા કરો પણ મને શંકા થાય છે કે રાજકુંવરી પણ એ મુનિના ઉપદેશથી વંચિત નહીં રહે. આ બધા બનાવો પરથી મને તો માતાનો કાળો કોપ ઊતરવાના ચોઘડિયા સંભળાય છે. મહારાજ! આપ જલ્દી એ માટે ઇલાજ કરો નહિ તો ભાવિ ભયંકર છે.'

'જય અંબે' કહી માણિક્યદેવ ત્યાંથી સીધાવ્યા. જે વેળા પુરોહિત માણિક્યદેવ રાજા પદ્મનાભની સાથે રાજ મહાલયમાં ઉપર વર્ણવી ગયા તે વાર્તાલાપમાં મશગૂલ બન્યો હતો એ વેળા મંદારપર્વત પર કોઈ જુદું જ વાતાવરણ જામ્યું હતું. જ્યારથી મહારાજ અમરકીર્તિ પ્રતિજ્ઞાબદ્ધ થઇ આ સ્થળમાં ચોમાસું રહેવા આવ્યા અને મંડપમાં અર્હંતની વાણીની અમૃતવર્ષા આરંભી, ત્યારથી જ મલ્લિપુર નગરીના જૈનોમાં તો અપૂર્વ ચેતના આવી પણ સાથો સાથ જૈનેતર સમુદાયમાં પણ સંતની મીઠી ઉપદેશધારાએ સ્થાન જમાવવા માંડયું. એમાં ચંપાના રાજકુમારના આગમને અનેરો રંગ પૂર્યો અને રાણી સુરાદેવીએ પુત્રીસહિત પધારી દોઢ દશકાના લાંબા વર્ષો પછી શ્રી મલ્લિનાથ પ્રભુના દેવાલયમાં પગ મૂકયો ત્યારે તો આ સ્થળનો મહિમા સોળ કળાયે પ્રકાશી ઉઠયો. ગિરિના પુનિત વાયુમંડળે નગરજનોમાં અભૂતપૂર્વ ઉત્સાહ રેલાવ્યો. એમાં આજે તો મહાપર્વ પર્યુષણનો અંતિમ દિવસ. સર્વત્ર અમારિઘોષણા જય જયકાર અને મંગળ ધ્વનિના ગર્જારવ સિવાય બીજું કંઇ સંભળાતું જ નહોતું. દેવમંદિરમાં અર્ચન–પૂજન મોટા સમારંભથી શરુ થયું હતું. અંતકાળે થતાં ઘંટાનાદથી વાતાવરણ ઓર ગાજી ઊઠતું.

સખી સાથે દર્શનાર્થે આવેલી રાજકુંવરી મૃગાવતી પણ એ આનંદમાં ભળી ચૂકી હતી. કેટલાયે દિવસોથી એ જે ધારણા રાખીને આવતી તે હજુ સુધી બર આવી નહોતી. એથી તેણીના ચહેરા પર નિરાશાની કાલિમા ડોકિયા કરતી સૂક્ષ્મતાથી અવલોકન કરનારને સ્પષ્ટ જણાતી. વારંવાર તેણી ચોતરફ દૃષ્ટિ ફેરવતી. પુરુષમંડળી પ્રતિ એના નેત્રો પળે પળે પલકારા મારતા. બાહ્યથી એ થઇ રહેલા સ્નાત્રમહોત્સવમાં ભાગ લઇ રહેલી છતાં અંતરમાં જુદું જ રમણ થઇ રહ્યું હતું. એક જ અવાજ વારંવાર ઊઠતો કે: 'આજે તો–છેલ્લા દિવસે તો–એ કુમાર જરૂર અહીં આવવો જ જોઈએ. એકવાર દૃષ્ટિ મળે તો બીજું તો સર્વ કંઇ થઇ શકે.'

સમયનું ચક્ર અસ્ખલિત વહી રહ્યું હતું. લગભગ એક કલાક બેઠા પછી તે ઊઠીને બહાર આવી અને જ્યાંથી સારુંયે શહેર એક નાનકડા લીલા ટાપુ સમાન દેખાતું હતું અને ગિરિ પર આવતા પથિકોનું સ્પષ્ટ દર્શન થતું હતું એવા એક આગળ પડતા ભાગ પર તે સખી સહિત બેઠી.

સખી, મૃગાવતી જોડે આજ કેટલાક દિવસોથી ટેકરી પર આવતી હતી છતાં તેણીએ કોઇપણ વાર કુંવરીને પૂર્વની જેમ હસતી જોઈ નહોતી. ઉદાસીન ભાવ ધારણ કરી તે થોડુંક ફરતી, વારંવાર ગિરિ માર્ગ પર નજર નાખતી, થાકતી ત્યારે પાછા ફરવાની હાકલ કરતી. હૃદય ખોલીને એક પણ વાર તેણીએ વાત કરી નહોતી. આજે અવકાશ જોઇ સખીએ વાત ઉપાડી. ઉદાસીનતાનું કારણ કઢાવવા, કુંવરીને તેણીએ જાતજાતના પ્રશ્નો પૂછયા. છતાં સખીની આશા પાર ન પડી. ખિન્ન ચહેરે ગિરિ પરની પગથી જોતી તે બેસી રહી.

એકાએક રથની ઘૂઘરીઓ રણકવા લાગી. તરત જ કુંવરીનું ધ્યાન એ તરફ ગયું. આંખોયે રથ ઓળખ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તરત જ મુખમાંથી ઉદ્દગાર બહાર પડ્યા: 'અલી: જો તો, એ જ રથ આવી રહ્યો છે?'

'કુંવરીબા, કોનો રથ આવી રહ્યો છે? તમો એ રથમાં આવનારને ઓળખો છો કે શું?'

સખીના આ પ્રશ્ને પ્રથમ તો કુંવરીને સ્તબ્ધ બનાવી. પોતે ગમે તેમ લવી જવામાં જરૂર ભૂલ કરી, એમ પણ ઘડીભર લાગ્યું. મનમાં ઘડભાંગ પણ થઇ છતાં સખીથી સાચી વાત ન છુપાવવી એવો નિશ્ચય કરી તે બોલી ઊઠી:

'હા, હું જાણું છું. એ તે જ રથ છે' એમ કહી મૃગાવતીએ સખીની નજીક જઇ પૂર્વની વાત કહી સંભળાવી અને ત્યારથી પોતાને કેવું સ્નેહાકર્ષણ ઉદ્દભવ્યું છે તે પણ કહ્યું. વિશેષમાં ઉમેર્યું કે: 'ઘણા દિવસે દર્શનની આશા ફળી છે પણ પિતાશ્રીની આજ્ઞા આડી ઊભી છે એનું કેમ? કેમકે કુમારને મળવું હોય તો વ્યાખ્યાનમંડપ જવું પડે. જ્યારે પિતાજીએ તેમ કરવાની ના પાડી છે. આ તો વ્યાઘ્રતટી ન્યાય જેવું! શું કરવું એ જ મુંઝવણ છે?'

સખી–'સાચા સ્નેહને કોઇ જ બંધન નડતું નથી.'

(ચાલુ.)

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય સૂરિવરને.

રચયિતા: **મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ–વિસનગર.**

(રાગ—આવો આવો હે વીરસ્વામી મારા અંતરમાં.)

આવો ગાઓ હૃદયનાં હેતે, ગુણો સૂરિવરના;
ગુણો ગુરુવરના અનુપમ, ગુણો સૂરિવરના. આવો ગાવો. ૧

છત્રીશ ગુણે સૂરિ સોહંતા, **હેમાચાર્ય સૂરિરાજ;**
જિન શાસનના મહાપ્રભાવક, અણમોલા શિરતાજ. આવો ગાવો. ૨

દેશ દેશમાં સૂરિ વિચરી, વર્તાવ્યો જયકાર;
કીર્ત્તિ પ્રસરી ચારે દિશાએ, શાસન દિપાવ્યું જગ સાર. આવો ગાવો. ૩

કુમારપાળને પ્રતિબોધ્યા, પંડિતગણ સૂરિ પ્રધાન;
હેમચંદ્રસૂરિના શુભ દર્શનથી, થાયે દિલ આરામ. આવો ગાવો. ૪

અમૃતવાણી સૂરિવરની, ધારો ચિત્ત મોઝાર;
ગુર્જરદેશમાં પાટણ નયરે, જૈનધ્વજ ફરકાવ્યો સાર. આવો ગાવો. ૫

એવા ઉત્તમ સૂરિરત્નના, ગુણો ગાઓને;
આતમ પર મેલ ધોઇને, નિર્મળ થાઓને. આવો ગાવો. ૬

લક્ષ્મીસાગર નમે સૂરિવરને, વંદન વાર હજાર;
કાર્તિક પૂર્ણિમાં દિને, થાઓ જયજયકાર. આવો ગાવો. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર

રચનાર અને વિવેચક :

**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ.**

( ગતાંક પૃષ્ઠ ૬૭ થી શરુ )

**જે ભૂપની પડી કૃપામય દૃષ્ટિ વૃષ્ટિ, તો કર્મવિવરથી ભવ્ય લહે સુદૃષ્ટિ;**
**વાત્સલ્ય સર્વ ભૂતમાં નિત જેહ ધારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે ! ૯**

**શબ્દાર્થ :**—જે સુસ્થિત મહારાજની કૃપામય દૃષ્ટિની વૃષ્ટિ થતાં, કર્મવિવરવડે કરીને ભવ્ય સમ્યગ્દૃષ્ટિ પામે છે; અને જે સર્વ પ્રાણી પ્રત્યે સદાય વાત્સલ્ય ધારણ કરે છે, તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !

**વિવેચન :**—જેમ રાજાની કૃપાદૃષ્ટિ જેના પર પડે છે તે મનુષ્યનો લૌકિક ઉદ્ધાર થઇ જાય છે, તેમ સુસ્થિત મહારાજની કૃપાદૃષ્ટિ જે જીવ પર પડે છે તેનો લોકોત્તર–પારમાર્થિક ઉદ્ધાર થઇ જાય છે, તે જીવ કલ્યાણમાર્ગે ચઢી જાય છે. પ્રથમ તો કર્મ પાતળા પડે છે, વિવર–માર્ગ આપે છે, અપૂર્વ આત્મસામર્થ્ય--કરણ સાંપડે છે, દુર્ભેદ કર્કશ કર્મગ્રંથિનો ભેદ થાય છે, મિથ્યાત્વ દૂર થઇ સમ્યગ્દૃષ્ટિ ઊઘડે છે, અને સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ પછી ઉત્તરોત્તર કલ્યાણ પરંપરા ઉપનત થતી જાય છે, યાવત્ સિદ્ધસ્વરૂપને પામે છે.

શ્રી ઉ. ભ. પ્ર. કથાકારે આ અંગે સર્વાંગસુંદર રૂપક યોજ્યું છે:—

'**નિષ્પુણ્યક**' નામનો રંક ભમતો ભમતો રાજમંદિર સમીપે આવી પહોંચે છે. તેને '**સ્વકર્મ-વિવર**' દ્વારપાલ કૃપા કરીને રાજમંદિરમાં પ્રવેશ કરાવે છે. અપૂર્વ રાજમંદિરના પ્રથમ દર્શને તે રંકના આહ્લાદજન્ય અંતરોદ્ગાર નીકળી પડે છે—

( લલિત ) "સતત ઉત્સવો વર્તિ જ્યાં રહ્યા, ભુવન જેહ એવું ભળાય હ્યાં;
શુભ પ્રસાદથી દ્વારપાલના,—અરર ! પૂર્વ તે મેં દીઠું જ ના.
પરમ ધન્ય છે લોક સર્વ આ ! સકલ દ્વંદ્વ વિહીન સર્વથા;
મનમહીં અતિ હૃષ્ટ જે થતા, સતત મંદિરે અત્ર મોદતા."

આમ જ્યાં તે રંક ચિંતવે છે, ત્યાં પરમકૃપાળુ શ્રી સુસ્થિત મહારાજની તેના પર કૃપાદૃષ્ટિ પડે છે, ને તે રંક પાવન થઇ જાય છે.

( અનુષ્ટુપ ) દર્શને ગાઢ બિભત્સ, મહારોગ ભરેલ ને,
શિષ્ટોને કરુણાસ્થાન, એવા પેઠેલ રંકને;
નિર્મલ દૃષ્ટિ રાજેંદ્ર, મહાત્માએ કૃપા ધરી,
પૂતપાપ કર્યો જાણે, વૃષ્ટિ સ્વદૃષ્ટિની કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તે રાજાના રસવતી અધિકારી '**ધર્મબોધકર**' તે કૃપાદૃષ્ટિ નિહાળી પોતે કૃપાપરાયણ થાય છે, અને રોગાક્રાંત રંકના રોગનું નિવારણ કરવા તત્પર બને છે, અને પોતાના ત્રણ **અમોઘ** ઔષધોનો અનુક્રમે તેના પર પ્રયોગ કરે છે.

પ્રથમ '**વિમલાલોક**' નામનું પરમ અંજન આંજે છે:—

( અનુષ્ટુપ ) "તેણે લઈ શલાકા ને, મૂકી અંજન અગ્રમાં;
રંક ગ્રીવા ધૂણે તોય, આંજ્યા લોચન તેહના."

( માલિની ) પ્રમુદક શીતતાને શ્રેષ્ઠ ગુણ પ્રભાવે,
તરત જ પછી તેની ચેતના પાછી આવે;
ક્ષણમહિં ખુલી આંખો રોગ વિનષ્ટ જાણે!
મુદિત મન જરા તે 'એહ શું?' એમ માને.

પછી તેને '**તત્ત્વપ્રીતિકર**' પાણી પાય છે:

( માલિની ) "ભવિક! ઉદક પી આ તાપને ટાળનારૂં,
તુજ તનુતણું જેથી સ્વસ્થતા થાય ચારુ;"
'પણ જલથી થશે શું? જાણું ના' એ સશંક,
નથી ઉદક પીવા તે ઇચ્છતો મૂઢ રંક!
બલથકી હિતતાથી મુખ તેનું ઉઘાડયું,
કરુણ હૃદયવાળે તે અનિચ્છયે ગળાવ્યું.

અને તેથી કરીને—

અતિ અતિ ગુણકારી સાવ સંતાપહારી,
પરમ પરમ ભારી ચિત્ત આહ્‌લાદકારી;
અમૃત સમ વળી તે શ્રેષ્ઠ સુસ્વાદવંત,
શીતલ સલિલ પી જાણે થયો સ્વસ્થ રંક.

( દોહરા ) નષ્ટપ્રાય ઉન્માદ ને, નરમ અન્ય આતંક;
દાહ આર્તિ દૂરે ટળી,—ક્ષણમાં એવો રંક.
વિમલ ચેતના કાંઇ ને, પ્રસન્ન ઇંદ્રિય ગ્રામ;
એવો દિન તે ચિંતવે, સ્વસ્થ ચિત્તથી આમ.

**—ડૉ. ભગવાનદાસકૃત ઉ. ભ. પ્ર. કથા સપદ્યગદ્ય ભાષાંતર.**

અને પછી અનુક્રમે તે **ધર્મબોધકર** તે **નિષ્પુણ્યક** રંકને યુક્તિપ્રયુક્તિથી પોતાનું છેલ્લું ઔષધ–**મહાકલ્યાણક પરમાન્ન** પણ આરોગાવે છે. પ્રાંતે રોગમુક્ત થઇ તે 'નિષ્પુણ્યક'માંથી '**સપુણ્યક**' બની જાય છે.

ઇત્યાદિ સહૃદયોને હૃદયંગમ માર્મિક **રૂપક** ઘટના ઉ. ભ. પ્ર. કથાકાર મહામુનિ **સિદ્ધર્ષિએ** વિસ્તારથી વર્ણવી છે. જુઓ પ્રથમ પ્રસ્તાવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનાગમ નિયમાવલી

( ગતાંક પૃષ્ઠ ૭૩ થી શરુ )

લેખક: **આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.**

૬૧ શ્રી તીર્થંકર પ્રભુ અવધિજ્ઞાનથી દીક્ષાનો સમય જાણે જ છે, છતાં પોતાનો કલ્પ (આચાર) છે. એમ સમજીને લોકાંતિક દેવો પ્રભુ-દેવને વિનંતિ કરે છે કે હે પ્રભો ! આપ સર્વ જગતના જીવોના કલ્યાણ કરનારા શ્રી તીર્થને પ્રવર્ત્તાવો.

૬૨ શ્રી તીર્થંકરદેવના સમવસરણમાં જવું એ અમારો કલ્પ છે એમ સમજીને સર્વજ્ઞ છતાં શ્રી કેવળી ભગવંતો શ્રી તીર્થંકર દેવની પર્ષદામાં જઇને બેસે છે.

૬૩ જ્યારે શ્રી તીર્થંકરદેવો કેવળજ્ઞાનને પામે ત્યારે તેમનો કલ્પ જ છે કે તે સ્થળે દેશના આપવી જ જોઇએ.

૬૪ આહારક શરીર બનાવનારા ચૌદપૂર્વના જ્ઞાની જ હોય. એટલે બધા ચૌદપૂર્વી ભગવંતોમાં અમુક પ્રબલ પુણ્યશાળી મહાત્માઓ જ ખાસ કારણ હોય તો જ આહારક શરીર બનાવે, કારણ વિના આહારક શરીર બનાવે જ નહિ.

૬૫ શ્રી તત્ત્વાર્થાદિમાં કહ્યું છે કે વાયુકાયને વૈક્રિય શરીર હોય. આ વૈક્રિય શરીર વૈક્રિય-લબ્ધિથી બનાવે છે. તે વૈક્રિયલબ્ધિ-વાયુકાયના ચાર ભેદો (સૂક્ષ્મ-બાદર-પર્યાપ્તા-અપર્યાપ્તા વાયુકાય) માં સંખ્યાત ભાગ જેટલા બાદર પર્યાપ્ત વાયુકાયને જ વૈક્રિયલબ્ધિ હોય, એમ પૂજ્ય શ્રી ઉમાસ્વાતિ વાચકવર્યના શિષ્ય શ્રી શ્યામાચાર્ય મહારાજે બનાવેલા પ્રજ્ઞાપના સૂત્રના પાંચમા પદની ટીકામાં શ્રી મલયગિરિ મહારાજે કહ્યું છે.

૬૬ શ્રી તીર્થંકરદેવો પાછલા ત્રીજે ભવે શ્રી જિન નામકર્મનો નિકાચિત બંધ કરે.

૬૭ એવો નિયમ છે કે ઔપશમિક સમ્યક્ત્વનો કાળ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ આવલિકા બાકી રહે ત્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી તે ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વને વમતાં સાસ્વાદન ગુણસ્થાનકે આવે. અહીં આ બીજા ગુણસ્થાનકનો કાળ પૂરો થયા બાદ મિથ્યાત્વોદયે પહેલા ગુણસ્થાનકે જાય, એમ શ્રી કર્મગ્રંથની ટીકામાં જણાવ્યું છે.

૬૮ અપૌદ્ગલિક પદાર્થ આઠ છે. તે આ પ્રમાણે—

૧. ધર્માસ્તિકાય. ૨. અધર્માસ્તિકાય. ૩. આકાશાસ્તિકાય. ૪. જીવ. ૫. કાળ. ૬. ક્ષાયિક સમ્યક્ત્વ. ૭. ઔપશમિક સમ્યક્ત્વ. ૮. સાસ્વાદન સમ્યક્ત્વ એમ શ્રી વિચાર પંચાશિકામાં કહ્યું છે.

૬૯ શ્રી ભરતચક્રવર્ત્તી આરિસાભુવનમાં કેવળી થયા. "જ્ઞાનથી એક લાખ પૂર્વપ્રમાણ આયુષ્ય હજુ પણ બાકી છે," એમ જાણતાં તેમણે મુનિવેષને ધારણ કર્યો તે પછી જ ઇંદ્રાદિકે વંદના કરી છે. આ બીનામાં મુનિવેષની મહત્તા ખાસ સમજવા જેવી છે. આવા ગૃહસ્થ-વેષે કેવળી થયેલા ભવ્યજીવો જો 'અલ્પાયુષ્ય છે' એમ જાણે તો મુનિવેષને ધારણ ન પણ કરી શકે ને સિદ્ધ થાય. અહીં શ્રી મરુદેવા માતા વગેરેનું દૃષ્ટાંત જાણવું.

૭૦ નિર્મલ સમ્યક્ત્વગુણને લઇને જ જ્ઞાન અને ચારિત્રની સાર્થકતા (સફલતા) શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનશાસનમાં માની છે; કારણ કે સમ્યક્ત્વ વિનાના જ્ઞાન–ચારિત્ર તો અભવ્ય જીવોને પણ હોય છે. તેઓ માખીની પાંખ ન દુભાય, તેવી જાતની ચારિત્રની આરાધના કરે છે, છતાં સમ્યગ્દર્શન ગુણથી રહિત હોવાથી જ્ઞાન–ચારિત્રનું ફળ પામી શકતા નથી, એમ શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં પ્રથમ જણાવેલા 'સમ્યગ્દર્શનજ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' સમ્યગ્દર્શન પદનું રહસ્ય વિચારવાથી જાણી શકાય છે.

૭૧ જે ભવ્યજીવને શ્રદ્ધા હોય તેને સમ્યક્ત્વ જરૂર હોય છે. અહીં દૃષ્ટાંત એ કે– શ્રી તીર્થંકરદેવ માતાના ગર્ભમાં હોય છે ત્યારે મનઃપર્યાપ્તિ પૂરી થયા બાદ તેમને શ્રદ્ધા હોય છે તે વખતે સમ્યક્ત્વ પણ હોય છે.

૭૨ ચોથીવાર આહારક શરીરને બનાવનારા શ્રી ચૌદપૂર્વી ભગવંતો તે ભવમાં ક્ષપકશ્રેણી માંડીને જરૂર મોક્ષમાં જાય, એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં પૂજ્ય શ્રી મલયગિરિજી મહારાજે કહ્યું છે. એક જીવને આખા ( સંપૂર્ણ ) ભવ-ચક્રની અપેક્ષાએ આહારક શરીર બનાવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, તો ચાર વાર જ થાય.

૭૩ જિનકલ્પ અંગીકાર કરવાની યોગ્યતા મેળવવા માટે જેટલા શ્રુતજ્ઞાનની જરૂરિયાત શ્રી પ્રવચન સારોદ્ધારાદિ ગ્રંથોમાં જણાવી છે, તેટલું જ શ્રુતજ્ઞાન હોય તો બાર ભિક્ષુક પ્રતિમાની આરાધના કરી શકાય. એટલે ઓછામાં ઓછું નવમા પૂર્વની ત્રીજી આચાર નામની વસ્તુ સુધીનું અને વધારેમાં વધારે ન્યૂન દશ પૂર્વનું જ્ઞાન હોય, તો મહામુનિવરો જિનકલ્પ અને બાર પ્રતિમાની આરાધના કરી શકે, એમ શ્રી પ્રવચનસારોદ્ધાર વગેરેમાં જણાવ્યું છે.

( ચાલુ )

# શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

**नमो वीअरागाणं सव्वन्नुणं देविंद पूइआणं जहट्ठिअ वत्थुवाइणं तेलुक्क गुरूणं अरूहंताणं भगवंताणं, जे एवमाइक्खंति–इह खलु अणाई जीवे, अणाईजीवस्सभवे, अणाईकम्मसंजोग निव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले, दुक्खाणुबंधे। एअस्सणं वुच्छित्ति सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ति पावकम्मविगमाओ, पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ ॥**

વીતરાગ, સર્વજ્ઞ, સુરેન્દ્રપૂજિત, યથાસ્થિત વસ્તુતત્ત્વવાદી અને ત્રૈલોક્યગુરુ એવા અરુહંત ( અરિહંત ) ભગવંતોને નમસ્કાર હો !

તેઓ એમ આખ્યાન કરે છે કે નિશ્ચે આ લોકમાં અનાદિ જીવાત્મા છે તથા અનાદિ કર્મસંયોગજનિત જન્મ, જરા, મરણ, શોક લક્ષણ દુઃખરૂપ, દુઃખ ફળવાળો અને દુઃખની પરંપરાવાળો અનાદિ સંસાર છે.

એ અનાદિ સંસારભ્રમણનો અંત શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ધર્મનું ઔચિત્યવડે સતત્ સત્કાર અને વિધિપૂર્વક સેવન કરવાથી થાય છે. ઉક્ત શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ, મિથ્યાત્વ-મોહનીય વગેરે પાપકર્મનો વિનાશ થવાથી થાય છે અને એ પાપકર્મનો વિનાશ તથાવિધ ભવ્યત્વ, કાળ, નિયતિ, કર્મ ને પુરુષાતનવડે થવા પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

પટ્ટીનગરમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના દર્શનાર્થે અને પોતપોતાના નગરમાં ચોમાસું સમાપ્ત થયા બાદ પધારવા વિનંતી કરવા ભાવિકો પધાર્યા જ કરે છે.

સીઆલકોટથી લાલા ગોપાલશાહજી, ખજાનચીલાલજી, રામલાલજી, લક્ષ્મીચંદજી આદિ જૈનો અને લાલા ચરણદાસજી આદિ અજૈન બંધુઓએ સારા પ્રમાણમાં પધારી આચાર્યશ્રીજીના દર્શન–વ્યાખ્યાનનો લાભ લઇ સીઆલકોટ પધારવા માટે સાદર વિનંતી કરી.

અમૃતસરથી બાબુ મોહનલાલજી, લાલા પન્નાલાલજી આદિ ૮૦ શ્રાવકશ્રાવિકાઓએ પધારી દર્શન-વ્યાખ્યાનનો લાભ લઇ આવતું ચોમાસું અમૃતસર કરવા આગ્રહપૂર્વક સાદર વિનંતી કરી.

ગુજરાનવાલા–લાહોર–કસૂર વિગેરેથી પધારેલા ભાવિકોએ પણ આ શુભ પ્રસંગનો લાભ લીધો હતો.

સીઆલકોટથી સુપ્રસિદ્ધ દાનવીર લાલા કર્મચંદજી અગ્રવાલ ઑનરરી મેજીસ્ટ્રેટ જેણે આચાર્યશ્રીજીના સીઆલકોટના ચાતુર્માસમાં સારો ખર્ચ કરી શાસન–પ્રભાવનાના કાર્યોમાં અગ્રભાગ લીધો હતો. તેમણે આચાર્યશ્રીજીના દર્શન–વ્યાખ્યાનનો લાભ લઇ ખુશાલીમાં એકસો રૂપિયાનું શ્રી આત્માનંદ જૈન સ્કૂલને દાન કર્યું.

લાલા ભગવાનલાલજી અગ્રવાલ આદિ પણ આવી લાભ લઇ ગયા.

---

## આચાર્ય શ્રીમદ્વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ.

ગઈ આસો શુદિ ૧૦ સોમવાર તા. ૧૯–૧૦–૪૨ ના રોજ આચાર્ય મહારાજશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગવાસતિથિ હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી જયંતિ ઉજવવામાં આવી હતી. સવારમાં શ્રી મોટા જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા ભાવનાપૂર્વક ભણાવવામાં આવી હતી. હાલમાં ચાલતા અસાધારણ મોંઘવારીના કારણે અત્રેના ના. દરબારશ્રી તરફથી જમણવાર બંધ કરવાનો ધારો થયેલ હોવાથી દર વર્ષે કરવામાં આવતું સ્વામીવાત્સલ્ય આ વખતે બંધ રાખવામાં આવ્યું હતું.

## પટ્ટી( પંજાબ )માં ૭૩ મો જન્મદિવસોત્સવ.



**આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**

ગઇ કાર્તિક શુદિ ૨ તા. ૧૦-૧૧-૪૨ મંગળવારના રોજ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ૭૩ મો જન્મદિન મહોત્સવ પટ્ટી( પંજાબ)ની જૈન–અજૈન જનતાએ અપૂર્વ સમારોહથી ઉજવ્યો હતો.

---

## શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળા–ભાવનગરનો ઇનામી મેલાવડો.

અત્રેની શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા કે જેનો વહીવટ શ્રી જૈન આત્માનંદ સભા કરે છે તેનો વાર્ષિક ઇનામી મેળાવડો અત્રેની શ્રી મહાલક્ષ્મી મિલના મેનેજર સાહેબ રા. રા. શ્રીયુત શેઠ ભોગીલાલભાઈ મગનલાલના પ્રમુખપદે ઉપરોક્ત સભાના હોલમાં ગઇ તા. ૧૦–૧૧–૪૨ ના રોજ બપોરના ચાર વાગે યોજવામાં આવ્યો હતો.

સ્વાગતગીત, ગરબો અને ગીત ગવાયા બાદ પ્રમુખ સાહેબના શુભ હસ્તે બાળાઓને ઇનામ વહેંચવામાં આવ્યું હતું અને પ્રમુખશ્રીએ ઉપરોક્ત કન્યાશાળાને દર વર્ષે રૂા. ૫૦) ત્રણ વર્ષ માટે આપવાનું જાહેર કર્યું હતું.

આભારગીત ગવાયા પછી ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા બાદ મેલાવડો વિસર્જન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# Works Published

*By*

## Shree Jaina Granth Prakāśaka Sabhā

*Pānjrāpole, Ahmedabad.*

1. Haribhadrastaka Vritti ( हारिभद्राष्टकवृत्ति ३३१ संवाद पाठयुक्तवृत्ति ) Drawing paper ... ... ... 2- 8-0
   ,, Glaze Paper ... ... ... 2- 0-0
2. Sambodha Prakarana ( संवोधप्रकरण ) ... ... 3- 0-0
3. Haribhadra Sūri Granth Sangraha (हरिभद्रसूरिग्रंथसंग्रह) 3- 0-0
4. Haribhadrāstaka Prakarana ( हारिभद्राष्टकप्रकरण मूल ) 0- 4-0
5. Syādvad Rahasya. With commentary Upādhyāya Shree Yaśovijayaji ( स्याद्वाद् रहस्य पत्र सटीक ) 0-12-0
6. Nyāyāloka. With commentary ( न्यायालोकसटीक )... 5- 0-0
7. Astasahasrî Tātparya-vivarana ( अष्टसहस्रीतात्पर्य... विवरण ) Upādhyāya Shree Yaśovijayaji ... ... 10- 0-0
8. Samudghātatattva ( समुद्घाततत्त्व ) ... ... ... 0- 6-0
9. Jaina Nyāya Muktāvali With Commentary ( जैन न्याय मुक्तावली सटीक ) ... ... ... ... 1- 0-0
   जैन न्यायमुक्तावली समुद्घातत्त्व ... ... ... ... 1- 4-0
10. Nava Tattva Vistarārtha ( नवतत्त्वविस्तरार्थ ) ... 3- 0-0
11. Dandaka Vistarārtha ( दंडकविस्तरार्थ ) ... ... 1- 0-0
12. Hema Dhātu Mālā ( हैम धातु माला ) ... ... 4- 0-0
13. Jaina Tattva Parîkṣa ( जैनतत्त्व परीक्षा ) ... ... 0- 4-0
14. Stotra Bhānu ( स्तोत्रभानु ) ... ... ... ... 0- 2-0
15. Yoga Dristi Samuccaya योगदृष्टि समुच्चय सटीक }
16. Yoga Bindu योगबिन्दुसटीक ... ... ... }
    Acārya Shree Haribhadra Sūriji ... ... 2- 8-0
17. 125-150-350 Gāthā Stavanas, Yoga Dristi Sajjhāya Dravya Guna Paryāya Rāsa-Samyama Śreni Vicāra-and a collection of hymns ( १२५-१५०-३५० गाथा-स्तवनो--योगदृष्टिसज्झाय-द्रव्यगुणपर्यायरास-संयमश्रेणिविचार-सज्झायादि संग्रह) Upādhyāya Shree Yaśovijayaji 0- 8-0
18. Pārmarṣa Svādhyāya Grantha Sangraha ( पारमर्ष-स्वाध्याय ग्रन्थसंग्रह-बुक ) ... ... ... ... 0- 6-0
19. Pārmaṣa Svādhyāya Grantha Sangraha ( Patra ) 0- 8-0
20. Sammati Tarka Prakarana First Part ( सम्मतितर्क प्रकरण प्र. भा. ) ... ... ... ... ... 5- 0-0
21. Yoga Dristyādi Nava Grantha Padyānukrama ( योगदृष्ट्यादिनवग्रन्थपद्यानुक्रम ) ... ... ... 0- 6-0

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



22-23-24-25. Bhāṣā Rahasya Prakaraṇa Satika-Yoga Vimśikā Vyākhyā-Tattva Viveka-vivaraṇa Sameta Kupadṛiṣṭānta viśadikaraṇa Prakarana-Niśābhakte svarūpato dūṣitatva vicāra Prakaraṇa (भाषारहस्य प्रकरण सटीक-योगविंशिकाव्याख्या-तत्त्वविवेकविवरणसमेत-कूपदृष्टान्तविशदीकरणप्रकरण-निशाभक्ते स्वरूपतो दूषितत्व-विचारप्रकरण) Upādhyāya Shree Yaśovijayaji ... 2-0-0

26. Jñānārṇava Prakaraṇa (ज्ञानार्णवप्रकरण मूलं) ... 0-4-0

27-37 Shree Yośovijaya Vācaka Grantha Sangraha-Pātanjala Yoga-darśanā Vivaranadi 11 granthas (श्री यशोविजयवाचकग्रन्थसंग्रह-पातंजलयोगदर्शनविवरणादि ११ ग्रन्थो) ... ... ... ... ... 2-0-0

38. Dharma Parīkṣā Savivaraṇa (धर्मपरीक्षा सविवरण) Upādhyāya Shree Yaśovijayaji ... ... ... 4-0-0

*Works in Preparation*

1. Jñānārṇava Satika (ज्ञानार्णव सटीक) ... and
2. Anekānta Tattva Vyavastha (अनेकान्ततत्त्व व्यवस्था) and
3. Utpāda-Vyaya-Dhrauvya Siddhi (उत्पाद-व्यय-ध्रौव्य-सिद्धि) Upādhyāya Shree Yaśovijayaji ... ...
4. Sanmati Tarka Prakaraṇa Satika Second Part (सम्मतितर्क प्रकरण-सटीक-द्वितीय भाग) ... ...
5. Pratima Śataka Bṛihaṭṭīkā (प्रतिमाशतक बृहट्टीका) ...

*To Be Had From:—*

**Sheth Ishvardas Mulchand**
*Kīkā Bhat Pole*—**Ahmedabad.**

---

*Uniform with the Present Volume*

# Ready for Sale

*Śramaṇa Bhagavān Mahāvīra*
*Vol I Part I*

Contents:—Chapter I Introduction. Chapter II Su-deva-Su-guru, Su-dharma. Chapter III Samyaktva-Mithyātva. Chapter IV. First Previous Bhava-Nayasāra-Acqusition of Samyaktva. Chapter V Second Previous Bhava. Chapter VI Third Previous Bhava-Maricī. Chapter VII 4th to 15th Previous Bhavas. Royal Octavo 4+29+212 Pages. Price 2-8-0 Forign 5/6 s. One Dollar Fifty Cents. U. S. A.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## *Śramaṇa Bhagavān Mahāvīra.*
## *Vol II Part I*

Contains the Text, English Translation, etc of 116 Sutras of Kalpa Sūtra.

Contents:—Chapter I Conception–Vision of Dreams–Description of Indra–Kārtika Śeth Kathā. Chap. II Śakra–stava (Cont.) Ten Strange Events–Birth in high and low families–Bed-Chamber of Triśalā–devī. Description of first four Great Dreams–Chapter III Remaining Ten Dreams–Explanation of Dreams–Night–vigil–Siddhārtha rising up in the morning–Going for exercise–bath etc–Calling for interpreters of dreams. Assembly-hall–Arrival of interpreters of Dreams–Story of 500 Warriors–Chapter IV Explanation of the fruit of dreams Increase of gold and wealth in the palace of Siddhārtha–Steadiness of foetus–Lamentations of Triśalā–Resolve of Vardhamāna Kumāra not to renounce the world during the life time of his parents–Quickening of foetus–Nourishing of the foetus–Birth of Śramaṇa Bhagavān Mahāvīra. Chapter V Horoscope. Chapter VI Celebration by Indras and gods–Abhiṣeka (anointing) by Indras and gods on Mount Sumeru.–Celebration of birth–festival by Siddhārtha. Chapter VII Early life–Naming–Playing with boys–Molestation by a piśāca Going to school–Youth–Marriage–Death of parents–Chapter VIII Dīkṣā. Royal Octavo. 19+290 Pages. Price Rs. Three Foreign 7/6 s. Two Dollars U. S. A.

---

## *Śramaṇa Bhagavān Mahāvīra.*
## *Vol IV Part I*

## STHAVIRAVALI

Contents:—Bhagavān Srīmān Indrabhūti Gautama–Gaṇadhara Agnibhūti–Gaṇadhara Vāyubhūti—Gaṇadhara Vyakta–Gaṇadhara Srīmān Sudharma Swāmī–Gaṇadhara Maṇḍit–Gaṇadhara–Maurya–putra–Gaṇadhara–metarya–Gaṇadhara–Prabhās–Sthavîra Ārya Jambu Swāmī–Sthavîra Ārya Prabhava Swāmī–Sthavîra Arya Śayyambhava Sūri. Royal Octavo Pages 209 Price 2–8–0 Foreign 5/6 One Dollar Fifty Cents. U. S. A.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# IN PREPARATION

## *Śramaṇa Bhagavān Mahāvīra*
## *Vol I Part II*

Contents:—Sixteenth Previous Bhava–Viśvabhūti Muni–Seventeenth Bhava–Eighteenth Previous Bhava–Tripriṣṭha Vāsudeva–Nineteenth, Twentieth, Twenty-first, Twenty-Second Previous Bhavas–Twenty-third Previous Bhava Priyamitra Cakravartin – Twenty – fourth Previous Bhava -Twenty – fifth Previous Bhava Mahāmuni Nandana Muni-and Twenty-sixth Previous Bhava.

## *Śramaṇa Bhagavān Mahāvīra*
## *Vol II Part II*

Contents:—Sramaṇa Bhagavān Mahāvîr's " Vihāra " during the twelve years and a half previous to his acquisition of Kevala Jñāna–Acquisition of Kevali Jñāna near Rijuvālikā River–Samavasaraṇa–Dīkṣa of eleven Gaṇadharas (chief disciples)–Śramaṇa Bhagavān Mahāvīr's Vihāra during thirty years after the acquisition of Kevala Jñāna Nirvāṇa–Kevala Jñāna to Gaṇadhara Bhagavān Indrabhūti Gautama ( Śrîmān Gautama Swāmī )–Ten chief Śravakas of Śramaṇa Bhagavān Mahāvīra.

Social, political, and religious condition of the people of Bhāratavarṣa during the time of Śramaṇa Bhagavān Mahāvīra–Jainism in Royal Families Śramaṇa Bhagavān Mahāvīr's Relations with other Royal Families–Śramaṇa Bhagavān Mahavīra as a religious preceptor–Jaina Philosophy–Jaina Siddhāntas–Jaina System of Logic–Mahāvīra and Buddha etc.

Appendix 1. Birth–place of Śramaṇa Bhagavān Mahāvīra.
Appendix 2. Date of Birth of Śramaṇa Bhagavān Mahāvīra.

*To be had from:*—

*Ahmedabed* : New City Printing Press Dhalgarwād–near Pānkore Nākā Ahmedabad.

*Bhavnagar* : Shree Jain Dharma Prasāraka Sabha
Shree Atmānand Sabhā.

*Bombay* : Shree Sarasvati Pustaka Bhandāra–Pandit Bhūralal Kālidās. Laxmi Nivās Pānjrāpole Lane, Bombay 4.

*Lahore* : Motilal Banārsidāss. Booksellers and Publishers Said Mithā Bazar, Lahore, Punjab.

Mahodaya P. Press–Bhavnagar.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્વેતાંબર જૈન સંઘને જરૂરી સૂચના.

આ. શ્રી વિજયવલ્લભસૂરિના તરફથી શ્રી શ્વેતાંબર જૈન સંઘને સૂચના કરવામાં આવે છે કે પંજાબદેશ ગુજરાંવાલા શહેરમાં સ્વર્ગવાસી ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજના પવિત્ર નામથી અંકિત " આત્માનંદ જૈન ગુરુકુલ " નામે સંસ્થા આજ ૧૬–૧૭ વર્ષથી ચાલી રહી છે.

આજકાલની કફોડી સ્થિતિમાંથી સહીસલામત પસાર થવા માટે સખી, દાનવીર, દાતા સદ્‌ગૃહસ્થોએ પોતાની ઉદારતાનો પરિચય આપી યોગ્ય મદદ પહોંચાડવાની જરૂરત છે.

જે જે સદ્‌ગૃહસ્થોના મનમાં એ સદ્‌ગુરુના શુભ નામનું અને ધાર્મિક તથા વ્યવહારિક કેળવણીનું માન હોય તે સર્વને આ શુભ કામમાં યથાશક્તિ યોગ્ય મદદ પહોંચાડવાની સૂચના છે.

તા. ૨૮–૯–૪૨ ( હસ્તાક્ષર ) **વિજયવલ્લભસૂરિ**ના ધર્મલાભ વાંચવા.

શ્રી આત્માનંદ ભવન, મુ. **પટ્ટી** ( જીલ્લા લાહોર–પંજાબ )

મદદ પહોંચાડવાનું ઠેકાણું:—

BABU ANANTRAM JAIN. B. A. LL. B.
Governor, Shri Atmanand Jain Gurukul,
GUJRANWALA ( Punjab ).

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

**( શ્રી વર્ધમાનસૂરિકૃત. )**

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯** ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્‌ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકીકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રભુના વિવિધ રંગની સુંદર છબીઓ પણ આપવામાં આવેલ છે. ફોર્મ ૩૫, પૃષ્ઠ સંખ્યા ૨૪૦.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત–

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા–સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ | ૪. શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨–૦–૦ | ૫. શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩–૦–૦ |
| ૩. સદર ભાગ ૨ જો. | રૂા. ૨–૮–૦ | ૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨–૮–૦ |
| | | રૂા. ૧૩–૮–૦ | |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધા લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવે છે. **એકલો શ્રીપાળ રાસ લેનારને રૂા. ૧–૮–૦ માં આપવામાં આવશે** ( પોસ્ટેજ અલગ ). **એક સાથે સો કોપી લેનારને રૂા. ૧–૪–૦ માં આપવામાં આવશે.**

---

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**સિલિકે ઘણી થોડી નકલો રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only